## પ્રકરણ (૨)

### મુખજ અભિનય

આંગિક અભિનયના વિવરણનો પ્રારંભ ભરતમુનિ, મુખજ અભિનયથી કરે છે, તેમાં ઔચિત્ય રહેલું છે; કારણ મુખ, ભાવ અને લાગણી વ્યક્ત કરવાનું મુખ્ય સાધન છે. મુખજ અભિનયમાં મુખ્ય અંગ મસ્તક તેમજ અન્ય ઉપાંગો - નેત્ર, ભ્રૂકુટિ, નાસા (નાક), ઓષ્ઠ (નીચલો હોઠ), કપોલ (ગાલ), ચિબુક (દાઢી) તેમજ ચહેરો, મુખરાગ અને ગ્રીવા કર્મ મુખ્યત્વે વર્ણવવામાં આવ્યા છે. મસ્તક તથા અન્ય ઉપાંગોથી કયા ભાવ પ્રદર્શિત થઇ શકે અથવા કયો ભાવ વ્યક્ત કરવા તેમનું કયા પ્રકારે હલન ચલન થઇ શકે તેની સૂક્ષ્મ ચર્ચા ભરતમુનિએ કરી છે. મુખજ અભિનય વિવિધ ભાવ તથા રસનો આશ્રય હોવાનું ભરતમુનિ જણાવે છે. (અધ્યાય-૮ શ્લોક-૧૬)

### શિરોભેદ

આંગિક અભિનયના મુખજ ભેદમાં તથા શરીરના બધાં અંગોમાં શિર-મસ્તક-પ્રધાન. અંગ હોવાથી ભરતમુનિ આંગિક અભિનયના વિવરણની શરુઆત 'શિરોભેદ'થી કરે છે. શિર, આગળ-પાછળ, ઉપર-નીચે, આજુબાજું, ચોતરફ, ધીમેથી અથવા ઝડપથી ફેરવવાની ક્રિયા અત્યંત સ્વાભાવિક છે. ભાવોના પ્રાકટ્યમાં, મન અને શરીરની વિવિધ અવસ્થાઓમાં તથા રોજિંદી ક્રિયાઓમાં આપણે સ્વાભાવિક રીતે શિરનો વત્તા ઓછા પ્રમાણમાં ઉપયોગ કરીએ છીએ. આ ઉપયોગને અનુલક્ષી ભરતમુનિએ નાટ્ય અને નૃત્ત બંનેના સંદર્ભમાં, શિરની વિવિધ ગતિ તેમજ સ્થિતિને ધ્યાનમાં રાખી ૧૩ પ્રકારના શિરોભેદ વર્ણવ્યા છે. પણ શિરોભેદ આટલાજ અને આવાજ હોઇ શકે તેવું ભરતમુનિને અભિપ્રેત નથી કારણ કે શિરોભેદના વિવરણના અંતે તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે, '' લોક પ્રચલિત સામાન્ય વ્યવહારને ધ્યાનમાં રાખી શિર દ્વારા થતા અન્ય ભેદો લોક પ્રવૃત્તિ અનુસાર જરુર પડે ત્યાં પ્રયોજવા જોઇએ'' (અધ્યાય-૮ શ્લોક-૩૬)

ભરતમુનિ શિરનો વિવિધ ૧૩ મુદ્રાઓ, તેમના લક્ષણ તેમજ વિનિયોગ આ પ્રમાણે જણાવે છે. (અધ્યાય-૮ શ્લોક ૧૭ થી ૩૬)

| ભેદ | લક્ષણ | વિનિયોગ |
|---|---|---|
| ૧) આકમ્પિત | મસ્તકને -શિરને ધીમેથી ઉપર નીચે હલાવવું મંદ કંપન | સંજ્ઞા (ઇશારો) ઉપદેશ, પૃચ્છા, સ્વાભાવિક સંભાષણ, નૈસર્ગિક સંબોધન, વસ્તુનિર્દેશ, આજ્ઞા, બોલાવવું વિગેરે. |
| ૨) કમ્પિત | મસ્તક ઝડપથી અનેકવાર ઉપર નીચે હલાવવું - અધિક કંપન | રોષ, વિતર્ક, વસ્તુ વિશેષતાની સમજ, પ્રતિજ્ઞા, ઠપકો, ધમકી, તરછોડ, હુંકાર પૃચ્છા (પાઠાંતરથી વ્યાધિ તથા ક્રોધ) |
| ૩) ધુત | મસ્તકને બંને બાજુ ધીમેથી હલાવવું -પાર્શ્વ કંપન | અનિચ્છા, વિષાદ, વિસ્મય, વિશ્વાસ પડખે જોવું, શૂન્યતા, નિષેધ, મના કરવો. |
| ૪) વિધુત | મસ્તક ધુણાવવું -ત્વરિત કંપન | શીતગ્રસ્ત અર્થાત ટાઢની પકડામાં, ભયભીત, જ્વર (તાવ) તથા મધપાનની પ્રથમ અવસ્થામાં |
| ૫) પરિવાહિત | મસ્તક અનુક્રમે ડાબે જમણે ફેરવવું. | સાધન અર્થાત કશાકના નિદર્શન-નિરૂપણ અર્થે, વિસ્મય, હર્ષ, સ્મરણ અમર્ષ અર્થાત્ અસહિષ્ણુતા, ક્રોધ અકળાઇ, વિલાસ-લીલાપૂર્વક ક્રીડા તથા ભાવગોપન-મનનો ભાવ છુપાવવામાં. |
| ૬) આધુત | મસ્તક ઉપરની તરફ ત્રાંસું રાખવું- ત્રાંસુ ઉંચુ કરવું. | ગર્વ, પર્વવિશેષ સમયે ઉર્ધ્વ નિરીક્ષણ-પૂર્ણિમાના દિવસે આકાશમાં ચંદ્રના દર્શન કરવાના વિશેષ અવસરે ઉપર જોવા માટે (પાઠાન્તર-ઉંચાઇ બનાવવા) આત્મ સન્માન-લાયકાત બનાવવામાં. |

| | | |
|---|---|---|
| ૭) <u>અવધુત</u> | મસ્તક એક વખત નીચે હલાવવું - અધો કંપન | સંદેશો આપવામાં, દેવતાઓને આહ્વાન આપવામાં, સંભાષણ, વાહનાલોપ અર્થાત અલુપ્ત થવામાં તથા કોઇ વ્યક્તિને પાસે આવવા સંકેત કરવામાં. |
| ૮) <u>અંચિત</u> | એક તરફ કોક વાંકો રાખો ફેરવેલું મસ્તક | વ્યાધિગ્રસ્ત અવસ્થામાં, મુર્છા ચિન્તાગ્રસ્ત, દુ:ખ વિગેરે દશામાં |
| ૯) <u>નિહંચિત</u> | ખભા ઉંચા અને દાબેલી ડોકવાળું મસ્તક | સ્ત્રીભાવો જેવા કે ગર્વ, વિલાસ, બિબ્બોક અર્થાત એક કામ ચેષ્ટા જેમાં ગમતાં છતાં અણગમો કે અનાદર યા છણકો બતાવવો તે, લલિત, કિલકિંચિત - નાયિકાના શૃંગારનો એક હાવભાવ, મોટ્ટાયિત અર્થાત પ્રિયતમ સંબંધી વાતમાં તન્મયતા, કુટ્ટમિત અર્થાત પ્રીતમના પ્રેમાલિંગનની ઉપર ઉપરથી અવહેલના કરવી તે, સ્તંભ અર્થાત જડતા, નિશ્ચેષ્ટતા તથા માન અર્થાત પ્રિય ઉપર રિસાયેલી સ્થિતિમાં. |
| ૧૦) <u>પરાવૃત્ત</u> | પરાવૃત્તાનુકરણ અર્થાત પાછા વળતાં હોઇએ તેમ મસ્તકથી અનુકરણ કરવું તે અથવા ચહેરાને ગોળ ફેરવવો તે. | મોઢું પાછું ખેંચવું અથવા પાછું વાળવું, પાછળ જોવા માટે મોં ફેરવવું વિગેરે ક્રિયાઓમાં - મુખ પાછું ખેંચવામાં, પુછનારને જોવામાં. |
| ૧૧) ઉત્ક્ષિપ્ત | ઉર્ધ્વ મુખ, ઉંચે રાખેલું મસ્તક | ઉર્ધ્વ નિરીક્ષણ, ઉંચી કે દિવ્ય વસ્તુ ગ્રહણ કરવામાં. |

| | | | |
|---|---|---|---|
| ૧૨) | <u>અધોગત</u> | અધોમુખ, નીચે ઢળેલું મસ્તક | લજ્જા, પ્રણામ, દુઃખ પ્રગટ કરવામાં |
| ૧૩) | <u>લોલિત</u> | ચોતરફ ફરતું મસ્તક | મૂર્છા, વ્યાધિ, મદ, આદેશ, નિદ્રા |

મસ્તકની વિવિધ દિશાઓમાં થતી ગતિ તથા હલનચલનના આધારે ભરતમુનિએ આ ૧૩ પ્રકારના શિરોભેદ વર્ણવ્યા છે. આ મૂળભૂત પ્રકારના શિરોભેદમાં ૬ શિરોભેદ મસ્તકની સ્થિતિ નિરૂપે છે જ્યારે અન્ય ૭ શિરોભેદ મસ્તકની ગતિ સૂચવે છે.

(૧)

<u>સ્થિતિ સૂચક શિરોભેદ</u>


(૧) આધૂત (૨) અંચિત (૩) નિહંચિત (૪) ઉત્ક્ષિપ્ત (૫) અધોગત (૬) પરાવૃત્ત - આ તમામ શિરોભેદમાં મસ્તકને સમ સ્થિતિમાંથી નિર્દિષ્ટ સ્થિતિમાં લાવી સ્થિર કરી દેવામાં આવે છે. જેમ કે 'આધૂત' શિરોભેદમાં મસ્તક સમ સ્થિતિમાંથી ઉપરની તરફ ત્રાંસું કરી ત્યાં સ્થિર કરી દેવામાં આવે છે. આમ આ શિરોભેદ કંપન સૂચવતા નથી.

(૨)


<u>ગતિ સૂચક શિરોભેદ</u>

(૧) આકમ્પિત (૨) કમ્પિત (૩) ધુત (૪) વિધુત (૫) પરિવાહિત (૬) અવધૂત (૭) લોલિત - આ તમામ શિરોભેદમાં મસ્તક અતિ અથવા અલ્પ પ્રમાણમાં કંપનયુક્ત રહે છે. જેમ કે 'આકમ્પિત' શિરોભેદમાં મસ્તક ઉપર નીચે ધીમેથી અલ્પ પ્રમાણમાં કંપે છે જ્યારે કમ્પિત શિરોભેદમાં મસ્તક ઉપર નીચે ઝડપથી અતિ પ્રમાણમાં કંપે છે.

શિરો ભેદ




સમ




ઉદ્વાહિત




અધોગત




પરિલોલિત




ધુત




કમ્પિત



પરાવૃત્ત



ઉત્ક્ષિપ્ત



પરિવાહિત

(૩)

## વિવિધ ૬ શ્રેણીમાં પુનઃ વિભાજન

આ વિવિધ શિરોભેદનું તેઓ જે દિશામાં સ્થિતિ તથા કંપન સુચવતા હોય તેના આધારે આપણે નીચે જણાવેલી વિવિધ શ્રેણીઓમાં પુનઃ વિભાજન કરી શકીએ.

| | | |
|---|---|---|
| શ્રેણી (૧) | આકમ્પિ તથા કમ્પિત શિરોભેદ | મસ્તકનું ઉપર-નીચે મંદ તથા તીવ્ર કંપન. |
| શ્રેણી (૨) | ધુત, વિધુત તથા પરિવાહિત શિરોભેદ | મસ્તકનું પાર્શ્વ અર્થાત પડખે મંદ તથા તીવ્ર કંપન તથા ડાબા પડખેથી જમણા પડખે સંચાલન. |
| શ્રેણી (૩) | અવધુત તથા અધોગત શિરોભેદ. | મસ્તકની નીચેની દિશામાં સ્થિતિ તથા ગતિ |
| શ્રેણી (૪) | અંચિત તથા નિહંચિત શિરોભેદ | મસ્તકની સાથે ગરદનની સ્થિતિ તથા ગતિ સંકળાયેલાં. |
| શ્રેણી (૫) | આધુત તથા ઉત્ક્ષિપ્ત શિરોભેદ | મસ્તકની ઉપરની દિશામાં ત્રાંસી તથા સીધી સ્થિતિ |
| શ્રેણી (૬) | પરાવૃત તથા લોલિત | મુખ તથા મસ્તકની ચારે દિશામાં એક વાર અથવા સતત ગતિ |

મનુષ્યનું ભાવવિશ્વ અનંત છે અને મસ્તક દ્વારા થતા હલનચલનની કોઇ મર્યાદા નથી એટલે ભરતમુનિએ જણાવેલ આ ૧૩ પ્રકારના શિરોભેદને મુળભુત અથવા પાયાના ભેદ ગણી તેમના પરસ્પર સંયોજનથી, પરિવૃત્તિ - સંહતિથી અનેક ભેદ મેળવી શકાય.

આચાર્ય નન્દિકેશ્વર 'અભિનયદર્પણમાં' શિરના વિવિધ ૯ ભેદ જણાવે છે. જેમાં ભરતમુનિએ જણાવેલ કમ્પિત, ધુત, પરિવાહિત, પરાવૃત્ત, ઉત્ક્ષિપ્ત શિરોભેદનો સમાવેશ થઇ

જાય છે. આ ઉપરાંતના અન્ય ચાર તે સમ, ઉદ્વાહિતમ્ અધોમુખ અને આલોલિત.

સારંગદેવ 'સંગીતરત્નાકર'માં ભરતમુનિએ વર્ણવેલી શિરની ૧૩ મુદ્રાઓ પુનઃ વર્ણવી, અભિનયદર્પણમાંના 'સમ'ભેદને ઉમેરી, અન્ય પણ નવી મુદ્રાઓ ઉલ્લેખે છે. કે જે નાટ્યશાસ્ત્રમાં વર્ણવવામાં નથી આવી. યથા - આક્ષિપ્ત, તિર્યક્નતોન્નત, સ્કન્ધાનત, આરાત્રિક, પાર્શ્વાભિમુખ.

The Mirror of Gesture ૨૪ પ્રકારના શિરોભેદ વર્ણવે છે. જેમાં સંગીતરત્નાકરમાં વર્ણવવામાં આવેલ ૧૯ ભેદોનો સમાવેશ થઇ જાય છે. કેવળ 'લોલિત' ભેદનું લક્ષણ જુદું પડે છે અને જ્યારે તે સિવાયની બાકાનો પણ નવી છે. યથા સૌમ્ય, આલોલિત, નિરાસિના, પરકમ્પિતા, સૌંદર્ય.

ભરતાર્ણવ તથા નાટ્યશાસ્ત્રસંગ્રહ સંગીત રત્નાકરમાં જણાવવામાં આવેલ ૧૯ મુદ્રાઓનું વર્ણન કરે છે.

બલરામભરત'માં શરુઆતમાં મસ્તકનાં ૧૩ મુદ્રાઓ વર્ણવવામાં આવી છે, જેમાંની કેટલીક નાટ્યશાસ્ત્રને તો કેટલીક The Mirror of Gesture ને મળતી આવે છે. આ ઉપરાંત બીજી ૧૩ મુદ્રાઓ પણ છે જેમાંની કેટલીક નાટ્યશાસ્ત્રને મળતી આવે છે. 'બલરામભરત'માં આ ઉપરાંત, આ ઉપરાંત, આ તમામ ભેદોની પરસ્પર સંયોજન, પરિવૃત્તિસંહતિથી બીજા અનેક ભેદો વર્ણવ્યા છે જેની ગતિ અથવા હલન ચલન વ્યવહારમાં શક્ય નથી. આ બધા ભેદોને ભરતમુનિએ જણાવેલ ૧૩ મૂળભુત શિરોભેદને આધારે સરળતાથી સમજાવી શકાય તેમ છે.

અશોક મલ્લના નૃત્યાધ્યાયમાં શિરોભેદ વર્ણવવામાં આવ્યા નથી.

## નેત્રાભિનય

મનુષ્યના શરીરમાં અભિવ્યક્તિનું સૌથી સશક્ત માધ્યમ હોય તો તે આંખ અથવા નેત્ર છે. મુખજ અભિનયમાં નેત્ર મુળ આધાર છે. મન અને હૃદયના ભાવોને વાચા આપનાર

નેત્ર, શરિર વિજ્ઞાનની દૃષ્ટિએ, અત્યંત ચપળ અને ચંચળ અંગ છે; જે ઉપર નીચે આજુ બાજુ વિવિધ દિશામાં ફેરવી શકાય છે તેમજ પહોળી, સાંકડી-સંકોચ વિસ્તાર એવી સ્થિતિમાં રાખી શકાય છે. ભાવ અભિવ્યક્તિમાં કેવળ દૃષ્ટિજ નહિ પણ આંખની કીકી, પાંપણ ભ્રમર પણ મોટો ભાગ ભજવે છે એટલે ભરતમુનિ આ સર્વ ઉપાંગો વિશે વિસ્તારથી ચર્ચા કરે છે.

(૧)

**દૃષ્ટિભેદ :**

ભરતમુનિનું દૃષ્ટિ વિષયક વિવેચન અત્યંત મનોવૈજ્ઞાનિક તથા સર્વાંગસંપૂર્ણ છે જે તેમની નાટ્યસુઝજ નહિ પણ ઊંડી અવલોકન શક્તિ તેમજ લોકવ્યવહારની જાણકારીનો પરિચય આપે છે.

ભરતમુનિ કુલ ૩૬ દૃષ્ટિભેદ હોવાનું જણાવી તેના મુખ્ય ત્રણ પ્રકાર ગણાવે છે.

(૧) રસઅભિવ્યંજક દૃષ્ટિઓ - (૮)
(૨) સ્થાયીભાવ અભિવ્યંજક દૃષ્ટિઓ- (૮)
(૩) સંચારીભાવ અભિવ્યંજક દૃષ્ટિઓ- (૨૦)

આ સર્વ દૃષ્ટિઓના નામ, લક્ષણ તથા વિનિયોગ આ પ્રમાણે છે.

**(અ) રસ અભિવ્યંજક દૃષ્ટિઓ :**

(અધ્યાય ૮ શ્લોક ૩૮ તથા શ્લોક ૪૪ થી શ્લોક ૫૧)

| દૃષ્ટિ | લક્ષણ | વિનિયોગ |
|---|---|---|
| ૧) કાન્તા | હર્ષપ્રસાદજનિતા અર્થાત હર્ષ અને મનની પ્રસન્ન અવસ્થાથી ઉદ્ભવે છે. સકામા અર્થાત કામયુક્ત અને સભ્રૂક્ષેપકટાક્ષા અર્થાત ભ્રુકુટિના કટાક્ષથી યુક્ત. | શૃંગારરસ |

| | | |
|---|---|---|
| ૨) <u>ભયાનકા</u> | પોપચાં ખેંચાયેલા અને નિઃસ્તબ્ધ તથા ડોળા બહાર નીકળી આવેલા હોય - આ દૃષ્ટિ અતિશય ભયનું સૂચન કરે છે. | ભયાનક રસ |
| ૩) <u>હાસ્યા</u> | બંને પોપચાં વારાફરતી સંકોચવાં પોપચાં ઉઘડે ત્યારે કીકીઓ ફરતી અને થોડી ખૂલેલી - તેનો ઉપયોગ જાદુગરોમાં. | હાસ્ય રસ |
| ૪) <u>કરુણા</u> | નમતાં પોપચાં, ઢળતી નજર, નેત્રોમાં આંસુ, ક્રોધને લીધે કીકીઓ સ્થિર, દૃષ્ટિ નાકના અગ્ર ભાગ તરફ ઢળતી. | કરુણ રસ |
| ૫) <u>અદ્ભુતા</u> | આશ્ચર્યથી બહાર નીકળી આવેલી કીકીઓ, પાંપણો આંખના ખૂણા આગળથી સંકોચાયેલી, પ્રસન્ન દૃષ્ટિ | અદ્ભુત રસ |
| ૬) <u>રૌદ્રી</u> | એવી ક્રૂર દૃષ્ટિ કે જેમાં કીકીઓ, રુક્ષ, લાલ, ચકળ-વકળ, પોપચાં સ્થિર, ભ્રમર વાંકી - વિસ્ફારિત ઉગ્ર નેત્ર. | રૌદ્ર રસ |
| ૭) <u>વીરા</u> | દૃષ્ટિ દીપ્ત, વિસ્ફારિત, ક્ષુબ્ધ તેમજ ગંભીર, કીકીઓ આંખની વચ્ચોવચ્ચ સ્થિર, દૃષ્ટિનો મધ્ય ભાગ પ્રફુલ્લિત. | વીર રસ |
| ૮) <u>બિભત્સા</u> | આંખના ખૂણા પાંપણોથી ઢંકાયેલા એક બીજાને સ્પર્શતી પાંપણો તથા કીકીઓ દબાયેલી. | બિભત્સ રસ |
| ૯) <u>શાન્તા</u> (x) | નાસાગ્ર દૃષ્ટિ, સ્થિર | શાન્ત રસ |

(x) પ્રક્ષિપ્ત પાઠ પ્રમાણે

## (બ) સ્થાયી ભાવ અભિવ્યંજક દૃષ્ટિઓ

(અધ્યાય ૮ શ્લોક ૩૯ તથા શ્લોક ૫૩ થી ૬૦)

| | | | |
|---|---|---|---|
| ૧) | સ્નિગ્ધા | જેનો મધ્યભાગ ફેલાયેલો હોય, જે માધુર્યવાળી હોય, જેમાં કીકીઓ સ્થિર હોય તથા આનંદજન્ય આંસુથી ભરેલી હોય તેવી દૃષ્ટિ. | રતિ |
| ૨) | હૃષ્ટા | ચંચળ દૃષ્ટિ, પોપચાં થોડાં નમેલાં, કીકીઓ પૂર્ણપણે દેખાય નહિં. આંખો પલકારા મારતી અને હસતી. | હાસ |
| ૩) | દીના | અર્ધ બીડેલાં પોપચાં, કીકીઓ થોડી ઢંકાયેલી અને મંદ ગતિવાળી. | શોક |
| ૪) | ક્રુદ્ધા | રુક્ષ દૃષ્ટિ જેમાં પોપચાં ઉપર ખેંચાયેલા અને સ્થિર, કીકીઓ સ્થિર અને બહાર નીકળેલી તથા ભ્રમર વાંકી. | ક્રોધ |
| ૫) | દૃપ્તા | વિકસિત સ્થિર કીકીઓ, સત્વથી પૂર્ણ દૃષ્ટિ. | ઉત્સાહ |
| ૬) | ભયાન્વિતા | વિસ્ફારિત-ફાટેલા ડોળા, કંપન યુક્ત-ભયકંપિત. | ભય |
| ૭) | જુગુપ્સિતા | પોપચાં સંકોચાયેલાં પણ એક બીજાને સ્પર્શે નહિ તેમ-કીકીઓ ચકળવકળ અને લક્ષ્ય સ્થાનથી પાછી ફરતી. | જુગુપ્સા |
| ૮) | વિસ્મિતા | સમ વિકસિત દૃષ્ટિ, ડોળા ઉપર ચઢી ગયેલા, પોપચાં સ્થિર. | વિસ્મય |

## (ક) સંચારી ભાવોની અભિવ્યંજક દૃષ્ટિઓ

(અધ્યાય-૮ શ્લોક ૩૦-૩૧ તથા શ્લોક ૬૨ થી ૮૪, શ્લોક ૮૬ થી ૯૩)

| | | | |
|---|---|---|---|
| ૧) | શૂન્યા | શૂન્ય અને સ્થિર દૃષ્ટિ, ડોળાઓ તથા પોપચાં સમ એટલે કે પોતાની) નૈસર્ગિક સ્થિતિમાં, નજર બાહ્ય પદાર્થને ગ્રહણ કર્યા વગર પાછી ફરે. | ચિંતા |
| ૨) | મલિના | પાંપણના છેડા ધ્રુજતા, પોપચાં અતિશય બિડાયેલાં નહિ, આંખોના ખૂણા ઝાંખા પડી ગયેલા અને ડોળાઓ સહેજ ખસેલી. | નિર્વેદ વૈવર્ણ્ય |
| ૩) | શ્રાન્તા | શ્રમને કારણે પોપચાં મ્લાન-ઝાંખા પડી ગયેલાં, આંખના ખૂણા સંકોચાયેલાં, દૃષ્ટિ નિર્બળ, ડોળાઓ ઢળેલી | શ્રમ સ્વેદ |
| ૪) | લજ્જાન્વિતા | પાંપણના છેડા ઝુકેલા, ઉપરના પોપચાં લાજથી નમેલા, લજ્જાને કારણે ડોળાઓ ઢળેલી. | લજ્જા |
| ૫) | ગ્લાના | ભ્રમર, પોપચાં અને પાંપણ-મ્લાન-કરમાયેલાં-ઝાંખા પડી ગયેલાં, દૃષ્ટિ શિથિલ અને મંદ, શ્રમને કારણે ડોળાઓ પાંપણો નીચે ઢંકાયેલી -થાક વડે ડોળાઓ અંદર પેસી ગયેલી. | અપસ્માર વ્યાધિ ગ્લાની |
| ૬) | શંકિતા | દૃષ્ટિ ક્યારેક ચંચળ, ક્યારેક સ્થિર, ક્યારેક ત્રાંસી, ક્યારેક વિસ્તૃત, ક્યારેક ગૂઢ અને ડોળાઓ ગભરું. | શંકા |
| ૭) | વિષાદિની | દૃષ્ટિ વ્યગ્ર જેમાં ભેદથી વિસ્તૃત પોપચાં, આંખો પલકારા ન મારે અને ડોળાઓ જરા સ્થિર. | વિષાદ |

| | | | |
|---|---|---|---|
| ૮) | <u>મુકુલા</u> | પાંપણો થોડી ધ્રુજતી, ઉપલાં પોપચાં ખીલતી કળીઓ સમાન અર્ધાં ખુલ્લાં, કીકીઓ સુખથી ઉઘડેલી, વિકસેલી (ઉન્મીલિત) | નિદ્રા<br>સ્વપ્ન<br>પ્રસન્નતા |
| ૯) | <u>કુંચિતા</u> | પાંપણોના છેડા વળી ગયેલા, પોપચાં સંકોચાયેલાં, કીકીઓ અંદર પેસી ગયેલી. | અસૂયા, અનિષ્ટ, કષ્ટને લીધે અનવલોકનીય વસ્તુ, આંખોની પીડા |
| ૧૦) | <u>અભિતપ્તા</u> | પોપચાં હાલતા હોવાને કારણે કીકીઓ ધીરે ધીરે ફરતી, સંતાપથી દુઃખી આંખો અતિશય દુર્ગતિ તથા વિઘ્નને ~~આપમેળે~~ આપમેળે પ્રદર્શિત કરતી દૃષ્ટિ. | ચિન્તા, નિર્વેદ<br>આકસ્મિક ચોટ,<br>આર્ત સંતાપ |
| ૧૧) | જિહ્મા | પોપચાં ઢળેલા અને થોડા સંકોચાયેલાં, ધીરે ધીરે ત્રાંસી નજરે નિરીક્ષણ, કીકીઓ ગૂઢ અને ચકિત. | અસૂયા<br>આળસ<br>જડતા |
| ૧૨) | <u>લલિતા</u> | મધુર દૃષ્ટિ, આંખના ખૂણા સંકોચાયેલા, ભ્રૂક્ષેપયુક્ત - ભ્રમરના કટાક્ષવાળી હાસ્યયુક્ત તેમજ સકામ અથવા તો પ્રસન્ન અને ભ્રમરોના હલન-ચલનથી કામજન્ય વિકારો અભિવ્યક્ત કરનારી દૃષ્ટિ. | ધૈર્ય<br>હર્ષ |
| ૧૩) | <u>વિતર્કિતા</u> | અટકળ અથવા તર્કને લીધે પોપચાં ઉપર ચઢી ગયેલાં, કીકીઓ પૂર્ણપણે ખીલેલી અને નીચે ઢળતી. | સ્મૃતિ તર્ક |
| ૧૪) | <u>અર્ધ મુકુલા</u> | આનંદથી અર્ધાં બિડાયેલ પોપચાં, અર્ધખુલ્લી પાંપણ, કીકીઓ અર્ધી ખિલેલી અને મન્દ ગતિવાળી. | મધુર ગંધ<br>કે સ્પર્શથી<br>થતો આનંદ |

| | | |
|---|---|---|
| ૧૫) <u>વિભ્રાન્તા</u> | ડોડાઓ તેમજ પોપચાં વિભ્રાંત અર્થાત્ ફરકતાં આંખોનો મધ્યભાગ વિસ્તીર્ણ અને પૂર્ણપણે ખીલેલો. | આવેગ<br>સંભ્રમ<br>વિભ્રમ |
| ૧૬) <u>વિપ્લુતા</u> | બંને પોપચાં પહેલાં ફરકે અને પછી ગતિશૂન્ય બની જાય અને ઢળી પડે. ડોડાઓ વિધુને કારણે ઉપરની તરફ ફરકતી. | ચપલતા<br>દુ:ખ<br>ઉન્માદ<br>માનસિક વ્યથા<br>મરણ |
| ૧૭) <u>આકેકરા</u> | પોપચાં અને આંખના ખૂણા સહેજ સંકોચાયેલાં અને એક બીજાથી જોડાયેલા અને અર્ધ બિડાયેલી આંખો તથા ડોડાઓ ચકળવકળ. | દુરનો પદાર્થ ન જોઇ શકાતો હોય ત્યારે. |
| ૧૮) <u>વિકોશા</u> | બંને પોપચાં ઉઘડેલા હોય, આંખો પલકારા ન મારતી હોય અને ડોડાઓ અસ્થિર (અન અવસ્થિત) | વિબોધ<br>ઉગ્રતા<br>મતિ<br>ગર્વ<br>અમર્ષ |
| ૧૯) <u>ત્રસ્તા</u> | ત્રાસને કારણે પોપચાં ઉપર ચઢી ગયેલાં. કાંપતી ડોડાઓ, આંખનો મધ્ય ભાગ ત્રાસને કારણે ઉત્ફુલ્લ અર્થાત્ પહોળો થઇ ગયેલો. | ત્રાસ |
| ૨૦) <u>મદિરા</u> | દૃષ્ટિનો મધ્ય ભાગ ચકળવકળ, આંખોના ખૂણા પહોળા, આંખોના છેડા પાતળા અને આંખ ઢળેલી. | તરુણ મદ |
| | પોપચાં થોડા સંકોચાયેલાં, ડોડાની ગતિ અનિયમિત, પાંપણો થોડી ફરકતી. | મધ્યમ મદ |
| | આંખો ખૂબ પલકારા મારે અથવા અનિમેષ રહે, ડોડાઓ થોડા દેખાય અને નજર ઢળેલી. | અધમ મદ |

ભરતમુનિ નિરુપિત ૩૬ દૃષ્ટિભેદોનો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી જણાય છે કે આઠ રસદૃષ્ટિઓના નામ 'રસ'ના નામોને મળતાં આવે છે અને આઠ ભાવજન્ય દૃષ્ટિઓનાં નામ 'સ્થાયી ભાવના' નામોને, સંચારી દૃષ્ટિમાં કેટલીક દૃષ્ટિઓનાં નામ સંચારી ભાવોના નામોને મળતાં આવે છે તો કેટલીક સંચારી દૃષ્ટિઓ અને સંચારી ભાવોનાં નામ એકજ છે જેમ કે લજ્જાન્વિતા, ગ્લાના, શંકિતા, વિષાદિની, વિતર્કિતા, ત્રસ્તા તથા મદિરા. ભરતમુનિએ આઠ રસ માટે, પ્રત્યેક રસ દીઠ એક, એમ કુલ આઠ રસદૃષ્ટિ તથા આઠ સ્થાયી ભાવો માટે પ્રત્યેક સ્થાયી ભાવ દીઠ એક, એમ કુલ આઠ ભાવજન્ય દૃષ્ટિએ ગણાવી છે પરંતુ ૩૩ પ્રકારના સંચારી ભાવો માટે પ્રત્યેક સંચારી ભાવ દીઠ એક ગણાવવાને બદલે માત્ર ૨૦ સંચારી દૃષ્ટિ ગણાવી છે તેથી અભિવ્યક્તિનું સામંજસ્ય નથી જળવાયું એવી શંકા જાગે. પણ પુનઃ નિરીક્ષણ કરવાથી જણાય છે કે એક રસ[2] અથવા ભાવની પ્રતીતિ કેવળ એકજ દૃષ્ટિથી થતી હોવાથી રસજ તથા ભાવજ દૃષ્ટિઓની સંખ્યા આઠ છે પણ સંચારી ભાવોના સંદર્ભમાં એવું નથી . એક દૃષ્ટિથી અનેક સંચારી ભાવો વ્યક્ત કરવામાં આવે છે. જેમ કે 'મલિના' દૃષ્ટિનો પ્રયોગ નિર્વેદ તથા વૈવર્ણ્યમાં તથા ગ્લાના દૃષ્ટિનો અપસ્માર, વ્યાધિ તેમજ ગ્લાનિમાં થાય છે. આવી સ્થિતિ અન્ય દૃષ્ટિઓની પણ છે. જ્યારે બીજી તરફ એકજ સંચારી ભાવ બે વિભિન્ન દૃષ્ટિઓ દ્વારા અભિવ્યક્ત થઇ શકે તેવું પણ બને જેમ કે 'અસૂયા'નો અભિનય કુંચિતા તથા જિહ્મા એમ બંને પ્રકારની સંચારી દૃષ્ટિથી થઇ શકે છે. એટલે ભરતમુનિએ ૩૩ સંચારી ભાવો માટે ૨૦ સંચારી દૃષ્ટિઓ ગણાવી છે એ સયુક્તિક છે. આ સંચારી ભાવોના, તેમના જે તે સ્થાયી ભાવોના આધારે નવા ભેદો પાડી શકાય પરંતુ સંચારી ભાવો, લાગણીઓ અને વૃત્તિઓની અતિ સૂક્ષ્મ અને તરલ અભિવ્યક્તિ સાધતા હોવાથી તેમને સ્થાયી ભાવો અનુસાર ગોઠવવામાં આવ્યા નથી. રસદૃષ્ટિ તથા ભાવદૃષ્ટિના નિરુપણમાં ભરતમુનિએ સંચારી દૃષ્ટિઓનો ઉપયોગ ઘણીવાર કર્યો છે, જેમ કે આકેકરા, ત્રસ્તા, વિભ્રાન્તા, સંચારી દૃષ્ટિઓ વિગેરે.

પ્રસ્તુત 'શોધનિબંધ'[5] ના 'અભિનય તથા નાટ્યરસ ' નામના અધ્યાયમાં રસદૃષ્ટિ

તેમજ સ્થાયી ભાવ દૃષ્ટિઓનું નિરુપણ કીકી (તારા) પોપચાં (પુટ) તથા ભ્રમર(ભ્રુકુટી) ના સ્નાયુઓના હલન ચલન તથા આંખના રંગના સંદર્ભમાં કરવામાં આવ્યું છે પરંતું સંચારી ભાવ દૃષ્ટિઓનું પૃથ્થકરણ કીકી, પોપચાં તથા ભ્રમરના સ્નાયુઓના હલન ચલનના સંદર્ભમાં કરવું કઠણ હોવાથી તે નિરૂપવામાં આવ્યું નથી.


ભરતમુનિએ નિરુપેલા દૃષ્ટિભેદોનું અનુસરણ પછીના ગ્રંથકારોએ કર્યું છે. અભિનયદર્પણકારે નિરુપેલા દૃષ્ટિભેદો તેમાં અપવાદરુપ છે. તેમણે આઠ દૃષ્ટિભેદોજ ગણાવ્યા છે. (૧) સમ (૨) આલોકિત (૩) સાચી (૪) પ્રલોકિત (૫) નિમીલિત (૬) ઉલ્લોકિત (૭) અનુવૃત્ત (૮) અવલોકિત. આમ તેમણે રસ, સ્થાયી ભાવ તથા સંચારી ભાવોને આધારે દૃષ્ટિભેદોનું ત્રિવિધ વર્ગીકરણ કર્યું નથી. અભિનયદર્પણમાં નિરુપવામાં આવેલા દૃષ્ટિભેદો વાસ્તવમાં ભરતમુનિએ જેને 'દર્શનભેદ' કહ્યા છે તે પ્રકારના છે. એટલે તેની ચર્ચા દર્શનભેદના વિવરણના અંતે કરવામાં આવી છે. શ્રી કુમાર સ્વામી The Mirror of Gesture માં નન્દિકેશ્વર નિરુપીત આઠ દૃષ્ટિભેદો ઉપરાંત અન્ય ૪૪ દૃષ્ટિભેદો પણ નિરુપે છે. ભરતમુનિએગણાવેલી સંચારિ દૃષ્ટિઓમાંની કેટલીક દૃષ્ટિઓનો તેમાં સમાવેશ થઇ જાય છે. કેટલીક એવી દૃષ્ટિઓ છે જે ભરતમુનિએ નિરુપી નથી, જેમ કે ઇંગિત, દૂરા વિગેરે. કુમાર સ્વામી નિરુપિત ૪૪ દૃષ્ટિભેદોનું વિશ્લેષણ તારાકર્મ તથા દર્શનભેદના વિવરણના અંતે આપવામાં આવ્યું છે. સંગીત રત્નાકર, નાટ્યશાસ્ત્ર સંગ્રહ, બલરામભરત, સંગીત મકરંદ, નૃત્યાધ્યાય વિગેરે ગ્રંથોમાં દૃષ્ટિભેદો નિરુપવામાં આવ્યા છે જેના લક્ષણ તથા વિનિયોગ ભરતાનુસારી છે. શારદાતનયના 'ભાવ પ્રકાશન'માં ૧૦૪ જેટલા દૃષ્ટિ પ્રકારો નિરુપવામાં આવ્યા છે. તે ઉપરાંત ભરતનિરુપિત ૩૬ દૃષ્ટિભેદો પણ આપવામાં આવ્યા છે.

દૃષ્ટિભેદોના વિવરણ પછી ભરતમુનિ રસ તથા ભાવમાં થતાં તારા (આંખની કીકી)

દૃષ્ટિ ભેદ
(અભિનય દર્પણ)




સમ



આલોકિત



સાચી




પ્રલોકિત



નિમીલિત



ઉલ્લોકિત



અનુવૃત્ત



અવલોકિત

પુટ (પોપચાં) તથા ભ્રુ (ભ્રમર)નાં કર્મો નિરુપે છે. (અધ્યાય-૮ શ્લોક ૯૬) નેત્ર-સંચાલનમાં કેવળ દ્રષ્ટિપાતજ નહીં પણ કી કી, પોપચાં તથા ભ્રમરની ભંગિમાઓ પણ સમાયેલી હોય છે. આમાંથી કોઇ એક ચેષ્ટાભેદથી ભાવાભિવ્યકિત બદલાઇ જાય છે. વસ્તુત: નાટ્યશાસ્ત્રમાં અભિનય દ્વારા ભાવાભિવ્યકિતની કળા એટલી વિકસીત સ્વરુપમાં છે કે મોટે ભાગે અંગનેજ અંગો બનાવી પુન: તેના ઉપાંગોનું વિશ્લેષણ કરવામાં આવે છે જેમ કે અભિનયના અનેક ઉપાંગોમાંના એક એવા નેત્રના વિશ્લેષણનો અંતર્ગત પણ કી કી, પોપચાં તેમજ ભ્રમરના અનેક હલન ચલન નિરુપવામાં આવ્યા છે કારણ કે અભિવ્યકિત-વિશેષના નિમિત્તરુપ આ સર્વના સંચાલનમાં સામંજસ્ય હોવું અનિવાર્ય છે.

દ્રષ્ટિભેદના વિવરણ પછી નેત્રાભિનયના ક્રમમાં ભરતમુનિ આંખની કી કીઓના વિવિધ હલન ચલન તથા વિનિયોગ નિરુપે છે જે 'તારાકર્મ' તરીકે ઓળખાય છે. તે પછી ભરતમુનિએ વિવિધ દર્શનભેદ નિરુપ્યા છે જે વસ્તુત: આંખની કીકીઓના સ્નાયુના હલન ચલન સાથે સંકળાયેલા છે (શ્લોક ૧૦૪) એટલે બંનેનો સાથે વિચાર કરવો અનિવાર્ય બને છે.

(૨) <u>તારાકર્મ :</u>

તારાકર્મ એટલે આંખનાં કી કીઓના જુદાં જુદા ચલન તેના નામ લક્ષણ તથા વિનિયોગ આ પ્રમાણે છે.

(અધ્યાય-૮ શ્લોક ૯૫ થી ૧૦૨)

| કર્મ | લક્ષણ | વિનિયોગ |
|---|---|---|
| ૧) <u>ભ્રમણ</u> | બંને પોપચાંની અંદર રહી ને કીકી ગોળાકારે ભ્રમર કરે તે. | વીર રૌદ્ર |
| ૨) <u>વલન</u> | કી કી ઉપરના ખૂણેથી સામેના નીચેના ખૂણે જાય તે - કીકીઓનું તિર્યક ચલન અર્થાત્ કી કીઓ ત્રાંસી ફરે તે | વીર રૌદ્ર ભયાનક |

| | | | |
|---|---|---|---|
| ૩) | <u>પાતન</u> | કીકી ઉપરથી નીચે જાય તે | કરુણ |
| ૪) | <u>ચલન</u> | કીકીઓનું કંપન/કીકીઓ વારા ફરતી બંને તરફ જાય તે. | |
| ૫) | પ્રવેશન | કીકી અંતર્ભાગમાં પ્રવેશે તે - કીકીઓ અંદર પેસી જાય તે. | હાસ્ય<br>બિભત્સ |
| ૬) | <u>વિવર્તન</u> | એક ખૂણે કટાક્ષ દૃષ્ટિથી જોવું તે - કીકીને ખૂણામાં લઇ જઇ કટાક્ષથી જોવું. | શૃંગાર |
| ૭) | <u>સમુદ્‌વૃત્ત</u> | નેત્રવિસ્તાર થવો તે કીકીનું ઊંચુ થવું. કીકી વિસ્ફારિત કરી ઉપર લઇ જવી. | વીર, રૌદ્ર |
| ૮). | <u>નિષ્કામ</u> | કીકી બહારની તરફ હડસેલવી, ડોળા કાઢવા. | વીર, રૌદ્ર<br>ભયાનક<br>અદ્‌ભુત |
| ૯) | <u>પ્રાકૃત</u> | કીકીની સ્વાભાવિક સ્થિતિ | અન્ય ભાવો |

તારાકર્મના વિવરણને અંતે ભરતમુનિ સ્પષ્ટપણે નોંધે છે કે કીકીઓના સ્વાભાવિક (સ્વભાવસિદ્ધમ્) અને લોકક્રિયાઓ પર આશ્રિત કર્મો પણ હોય છે જેની સંયોજના વિવિધ ભાવોમાં કરવી જોઇએ. ( અધ્યાય-૮ શ્લોક ૧૦૩)

ભરતમુનિએ નિરુપેલા તારાકર્મો રસને અનુલક્ષીને નિરુપવામાં આવ્યા છે. જો કે પ્રત્યેક રસ દીઠ એક એમ આઠ પ્રકારના તારાકર્મ ગણાવવામાં આવ્યા નથી. એક પ્રકારના તારાકર્મનો એકથી વધારે રસમાં વિનિયોગ ભરતમુનિએ ગ્રાહ્ય ગણ્યો છે જેમ કે ચલન પ્રકારનું તારાકર્મ વીર, રૌદ્ર તથા ભયાનક એમ ત્રણે પ્રકારના રસોમાં યોજી શકાય છે. તેજ પ્રમાણે એક પ્રકારના રસમાં એકથી વધારે તારાકર્મ પણ ભરતમુનિને ઇષ્ટ છે જેમ કે

વીર રસમાં ભ્રમણ, વલન, સમદ્વૃત્ત તથા નિષ્કામ એમ ચાર પ્રકારના તારાકર્મ પ્રયોજી શકાય છે. તારાકર્મના વિવરણ પછી ભરતમુનિ તારાકર્મથી સંબંધિત વિવિધ પ્રકારના દર્શનભેદ નિરુપે છે. તારાકર્મમાં કીકીના હલન ચલન અને દર્શનભેદમાં કીકીના હલન ચલન એક બીજાથી કઇ રીતે જુદા પડે છે તેની ચર્ચા દર્શનભેદના નિરુપણ પછી કરવામાં આવી છે.

(૩) <u>દર્શનભેદ</u> :

દર્શનભેદ એટલે અવલોકનના વિવિધ પ્રકાર. દર્શનભેદના આ વિવરણમાં કોઇપણ પદાર્થને જોવાના વિવિધ પ્રકાર કયા હોઇ શકે તેનું વર્ણન છે.

(અધ્યાય-૮ શ્લોક ૧૦૪ થી ૧૦૮)

---

| | | |
|---|---|---|
| ૧) | <u>સમ</u> | બંને કીકીઓ સમાન સ્થિતિમાં તથા સૌમ્ય અર્થાત વિશ્રામયુક્ત - કોઇ વિશેષ ભાવ રહિત. કીકીઓ સરખી રાખી જોવું તે. |
| ૨) | <u>સાચી</u> | બંને કીકીઓ પાંપણોથી ઢાંકી ત્રાંસી નજરે જોવું. |
| ૩) | <u>અનુવૃત્ત</u> | કોઇપણ (પદાર્થના) રુપને, આકારને, આકૃતિને ધ્યાનપુર્વક અવલોકવું તે. |
| ૪) | <u>આલોકિત</u> | સહસા કોઇ વસ્તુ જોવી તે. |
| ૫) | <u>વિલોકિત</u> | પાછળ જોવું તે. |
| ૬) | <u>પ્રલોકિત</u> | પડખે જોવું તે. એક પડખેથી બીજે પડખે જોવું તે. |
| ૭) | <u>ઉલ્લોકિત</u> | ઊંચુ જોવુ તે (આંખની કીકી ઉપર જાય ) |
| ૮) | <u>અવલોકિત</u> | નીચે જોવું તે (આંખની કીકી નીચે જાય ) |

---

દર્શનભેદના વિવરણના અંતે ભરતમુનિ દર્શનવિધિઃ સર્વભાવરસાશ્રયઃ અર્થાત દર્શનભેદ રસ અને ભાવમાં પ્રયોજાતા હોવાનું કહે છે પરંતું કયા ભાવ કે કયા રસમાં કયો દર્શનભેદ પ્રયોજવો તેની ચર્ચા કરી નથી. ૮ પ્રકારના આ દર્શનભેદોને તેમણે ૮ પ્રકારના રસ કે ૮ પ્રકારના સ્થાયી ભાવ સાથે સાંકળી બતાવ્યા નથી. દર્શનભેદો, કીકીઓ સ્નાયુઓના હલન ચલનના સંદર્ભમાં નિરુપવામાં આવ્યા છે. છતાં 'તારાકર્મ' અને 'દર્શનભેદ'માં તફાવત રહેલો છે. 'તારાકર્મ' માં કોઇ પદાર્થને અવલોકવાનો સંદર્ભ નથી. તે માત્ર આંખના વિવિધ ભાગોમાં કીકી ની સ્થિતિનો સંકેત કરે છે જ્યારે 'દર્શનભેદ'માં કોઇ પદાર્થને જોવાના, અવલોકવાના સંદર્ભમાં થતી કીકીની વિવિધ ગતિ (પ્રત્યક્ષ યા પરોક્ષરુપે) નિરુપવામાં આવી છે. સંગીતરત્નાકરમાં સાતમાં નર્તનાધ્યાયમાં આ લક્ષણના આધારેજ 'સ્વનિષ્ઠ અને વસ્તુનિષ્ઠ અથવા 'વિષયનિષ્ઠ' એમ બે પ્રકારના તારાકર્મો નિરુપવામાં આવ્યા છે. ભરતમુનિએ જેને દર્શનભેદ કહયા છે તેનો 'વિષયનિષ્ઠ' તારાકર્મ તરીકે સંગીત રત્નાકરમાં ઉલ્લેખ થયો છે. અભિનયદર્પણ અને The Mirror of Gestures માં કીકીઓની ગતિ નિરુપવામાં આવી નથી. તેમાં તારાકર્મો (ભરત નિરુપિત) કે 'સ્વનિષ્ઠ' તારાકર્મો (સંગીત રત્નાકર) નિરુપવામાં આવ્યા નથી માત્ર દર્શનભેદો (ભરત) કે વિષયનિષ્ઠ તારાકર્મો (સંગીત રત્નાકર) જ નિરુપવામાં આવ્યા છે. The Mirror of Gestures માં 'અન્યોના મત પ્રમાણે' એમ કહી ૪૪ દ્રષ્ટિભેદ નિરુપવામાં આવ્યા છે, પણ તેનું પૃથક્કરણ કરતાં જણાય છે કે તેમાં રસદ્રષ્ટિ, દર્શનભેદ તથા પુટકર્મો એક સાથે નિરુપાયાં છે. શૃંગાર, અદ્ભુતા, કરુણા, ભયાનકા, વીરા, રૌદ્ર વિગેરે દ્રષ્ટિઓ 'રસદ્રષ્ટિ'જ કહી શકાય. અન્ય દ્રષ્ટિઓ 'સંચારી દ્રષ્ટિઓ સાથે સામ્ય ધરાવે છે. નાટ્યશાસ્ત્ર સંગ્રહ, બલરામભરત વિગેરે ગ્રંથોમાં પણ દર્શનભેદને વિષયનિષ્ઠ તારાકર્મો કહેવામાં આવ્યા છે. અશોકમલ્લ કૃત' નૃત્યાધ્યાય'માં પણ દર્શનભેદ વિષયાભિમુખ-તારાકર્મ'ના નામે નિરુપાયેલા છે.

ભરતમુનિએ વર્ણવેલા 'તારાકર્મો' તથા દર્શનભેદોને' 'કીકી ની ગતિની દિશા' અનુસાર આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીએ અને નવી શ્રેણીઓ ઉભી કરી શકીએ.

| | | |
|---|---|---|
| શ્લો (૧) | સાચી, પ્રલોકિત | આંખની કીકી એક બાજુએ અથવા એક બાજુથી બીજી બાજુ ગતિ કરે છે. |
| શ્લો (૨) | સમુદ્વૃત્ત, ઉલ્લોકિત અવલોકિત | આંખની કીકી ઉપર-નીચે ગતિ કરે છે./ કીકી આંખના ઉપરના ભાગમાં અથવા નીચેના ભાગમાં રહે. |
| શ્લો (૩) | ભ્રમણ | આંખની કીકી ગોળાકારે ગતિ કરે છે. |
| શ્લો (૪) | વલન, વિલોકિત | આંખની કીકી ત્રાંસી ગતિ કરે છે. |
| શ્લો (૫) | સમ, પ્રાકૃત | આંખની કીકી નૈસર્ગિક સ્થિતિમાં રહે છે. |

આંખની કીકીના વિવિધ હલન ચલનથી પોપચાંની સ્થિતિ પણ બદલાઈ જાય છે. અને તેથીજ ભરતમુનિ પુટકર્મ અર્થાત પોપચાંના વિવિધ કર્મોને તારાગતોડસ્યાનુગતં એટલે કે આંખની કીકીની ગતિઓ અનુસાર હોવાનું જણાવે છે. (શ્લોક ૧૦૯ પૂર્વાર્ધ ) અને તે પછી પુટકર્મના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ સંબંધી ચર્ચા કરે છે.

## (૪) <u>પુટ કર્મ</u> :

પુટકર્મ એટલે પોપચાઓના વિવિધ હલનચલન, તેના ભેદ, લક્ષણ તથા વિનિયોગ (અધ્યાય ૮ શ્લોક ૧૦૯ થી ૧૧૬ )

| | | | |
|---|---|---|---|
| ૧) | ઉન્મેષ | પોપચાંનો વિશ્લેષ કરવો અર્થાત પોપચાં એક બીજાથી જુદા કરવા (આંખની ઉઘાડવાસના સંદર્ભમાં ) | ક્રોધ |

| | | | |
|---|---|---|---|
| (૨) | निमेष | પોપચાંની સમાગતા-એકઠાં કરવા તે (પલકારો ન મારવાના સંદર્ભમાં) | ક્રોધ |
| (૩) | પ્રસૃત | પોપચાં પ્રસારિત કરવાં-પ્રસારવા તે | અદ્ભુત વીર, હર્ષ, |
| (૪) | કુંચિત | પોપચાં સંકોચવા તે | કુત્સિત,પદાર્થ, જોવામાં, ગંધ સ્પર્શ, રસમાં |
| (૫) | સમ | પોપચાં સ્વાભાવિક સ્થિતિમાં રાખવાં તે | શૃંગાર |
| (૬) | વિવર્તિત | પોપચાં ઊંચા કરવા તે | ક્રોધ |
| (૭) | સ્ફુરિત | પોપચાંઓનું સ્પંદન અર્થાત પોપચાંઓનું સંકોચાઇને ફેલાવવું. | ઇર્ષ્યા |
| (૮) | પિહિત | પોપચાં સ્થગિત,-બંધ કરવા તે. પોપચાં તાળો દેવા | નિદ્રા, મુર્છા પવન, તડકો ધુમાડો, વર્ષા ધુજારો, અંજન લેપ, નેત્ર પીડા |
| (૯) | વિતાડિત | પોપચાં પટપટાવાં | આકસ્મિત ચોટ વાગવું. |

પુટકર્મમાં આંખના પોપચાંઓના વિવિધ હલનચલનનું વિવરણ છે. કેટલાંક પુટકર્મ 'રસ'ના સંદર્ભમાં છે. પણ અહીં ૮ રસના ૮ વિવિધ પુટકર્મ વર્ણવવામાં નથી આવ્યા. ક્યાંક હર્ષ, ઇર્ષ્યા, નિદ્રા, મુર્છા જેવા સંચારી ભાવોના સંદર્ભમાં પુટકર્મ બનાવવામાં આવ્યા છે પણ અહીં ૮ સ્થાયી ભાવ અને ૩૩ સંચારી ભાવોને આવરી લેવામાં આવ્યા નથી. વળી કુત્સિત પદાર્થ જોવામાં, સ્પર્શવામાં કે સૂંઘવામાં કે પછી અચાનક વાગવામાં વિગેરે

ક્રિયાઓના સંદર્ભમાં પોપચાંઓ હલનચલન વર્ણવવામાં આવ્યા છે તો ક્યાંક ધુમાડો, વરસાદ, પવન, તડકો વિગેરે આબોહવાના સંદર્ભમાં - પ્રકૃતિજન્ય ફેરફારોના સંદર્ભમાં પુટકર્મ બતાવવામાં આવ્યા છે. આમ અહીં રસ, ભાવ, ક્રિયા તેમજ પ્રાકૃતિક પરિસ્થિતિ પ્રમાણે પુટકર્મ દર્શાવાયા છે. પુટકર્મના નિરુપણપછી ભરતમુનિ આંખની કીકી તથા પાંપણના કાર્યને અનુસરનાર ભ્રૂકુટીના કર્મો નિરૂપે છે. (શ્લોક ૧૧૭ પૂર્વાર્ધ)

(૫) <u>ભ્રૂકુટીકર્મ :</u>

ભ્રૂકુટીકર્મ એટલે ભ્રમરના હલનચલન, તેના ભેદ, લક્ષણ તથા વિનિયોગ આ પ્રમાણે છે. (અધ્યાય ૮ શ્લોક ૧૧૭ થી ૧૨૭)

| | | | |
|---|---|---|---|
| (૧) | <u>ઉત્ક્ષેપ</u> | અનુક્રમે કે એકી સાથે ભ્રમર ઉંચી કરવી તે. | નર્મ ચેષ્ટા, શ્રવણ, દર્શન, લીલા, વિતર્ક, સંતોષ, ક્રોધ, અદ્‌ભુત, હર્ષ વિગેરેમાં. |
| (૨) | <u>પાતન</u> | અનુક્રમે કે એકી સાથે ભ્રમર નીચી કરવી તે. | અસૂયા, જુગુપ્સા, હર્ષ, નિદ્રા (નિન્દા), સુગંધિત પદાર્થ સુંઘવામાં, હાસ. |
| (૩) | <u>ભ્રૂકુટી</u> | બંને ભ્રમરના મૂળ એક સાથે ઉંચે ચઢાવવાં તે. | ક્રોધ, પ્રકાશથી ભરપૂર વસ્તુ જોવામાં (દીપ્ત) |
| (૪) | <u>ચતુર</u> | સહેજ તાણેલી, ચલાયમાન મધુર શોભિત ભ્રમર | શૃંગાર, લલિત, (લીલા) વિલાસ, સૌમ્યતા, રસ, રુપ, ગંધ |
| (૫) | <u>કુંચિત</u> | એક અથવા બંને ભ્રમર સહેજ વાંકી રાખવી-સ્હેજ મૃદુ ભંગ કરી બંને ભ્રમર એક બીજાની પાસે આણવી તે | મોટ્ટાયિત, કુટ્ટમિત, કિલકિંચિત વિગેરે સ્ત્રી સહજ ભાવોમાં |

| | | | |
|---|---|---|---|
| (૬) | રેચિત | એક ભ્રમરનો લલિત ઉત્ક્ષેપ અર્થાત એક ભ્રમરને લાલિત્યપૂર્ણ રીતે ઉપર લઇ જવી. | નૃત્તમાં |
| (૭) | સહજ | સ્વાભાવિક ભ્રમર - ભ્રમરો તેની સહજ સ્થિતિમાં રહે તે. | અન્ય ભાવો |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભરતમુનિએ ભ્રમરના વિવિધ હલનચલનના આધારે ભ્રુકુટોનાં સાત કર્મો જણાવ્યા છે. તેના વિનિયોગ સંબંધો વિવરણ તપાસતા જણાય છે કે કેટલાક ભ્રુકુટી કર્મો રસના સંદર્ભમાં જેમ કે ઉત્ક્ષેપ અને સહજ 'શૃંગાર'માં, કુંચિત 'હાસ્ય'માં, ભ્રુકુટી 'રૌદ્ર'માં, ઉત્ક્ષેપ 'વીર'માં વિગેરે તો કેટલાક ભ્રુકુટી કર્મો સંચારી ભાવના સંદર્ભમાં જેમ કે પાતન અસૂયામાં, ઉત્ક્ષેપ વિતર્કમાં અને કેટલાક ભ્રુકુટી કર્મો સ્ત્રીના સત્વજ અલંકારોમાં જેમ કે કુંચિત મોટ્ટાયિત, કુટ્ટમિત વિગેરેમાં વર્ણવવામાં આવ્યા છે.

## નેત્રના વિવિધ અંગો વચ્ચે સામંજસ્ય

ભરતમુનિએ નેત્રનાં પ્રત્યેક ઉપાંગ કીકી, પાંપણ તથા ભ્રમર તેમજ વિવિધ દ્રષ્ટિ અને દર્શનનાં અલગ અલગ ભેદ, લક્ષણ તેમજ વિનિયોગ સંબંધો નિરુપણ કર્યું છે. નાટ્યપ્રયોગ દરમ્યાન નટ રસ અને ભાવ પ્રમાણે, તેમજ પાત્રની માનસિક સ્થિતિ પ્રકૃતિ તથા સ્થળ કાળના સંજોગ પ્રમાણે આ તમામ ઉપાંગોનો એકી સાથે પ્રયોગ કરે છે, પૃથકપણે નહીં. નેત્રનાં તમામ ઉપાંગોનાં હલનચલન એકી સાથે તપાસતાં જણાય છે કે ભરતમુનિએ ઊભી અને આડી ધરીઓના સમ તથ વર્તુળાકાર એ દ્વિવિધ પ્રકારનાં હલનચલન નિરુપ્યાં છે.

(૧)

## ઊભી રેખા/ધરી ની સમાંતરે હલનચલન

સમુદ્‌વૃત્ત તારા, વિલોકિત દર્શન, વિવર્તિત તથા ઉન્મેષ પુટ તેમજ ઉત્ક્ષેપ ભ્રુ માં કીકી આંખનાં પોપચાં તથા ભ્રમરના હલનચલન ઊભી ધરી vertical plane

સમાન્તરે રહે છે અને તેમાં આ અંગોની ગતિ ઉર્ધ્વ દિશામાં રહે છે. અવલોકિત દર્શન, નિમેષ પુટ, પાત ભ્રૂ માં પણ આંખનાં પોપચાં તથા ભ્રમરનાં હલનચલન ઉભી ધરી ની સમાન્તરે રહે છે પણ તેમાં આ અંગોની ગતિ 'અધો' દિશામાં રહે છે.

(૨)

આડી રેખા / ધરી ની સમાન્તરે હલનચલન

ચતુર ભ્રૂ, પ્રસ્તૃત પુટ, વિવર્તન તારા તથા સાચી દર્શનમાં ડોકી આંખનાં પોપચાં તથા ભ્રમરના હલનચલન આડી રેખા horizontal plane ની સમાન્તરે રહે છે.

(૩)

વર્તુળાકારે હલનચલન

નેત્રનાં વિવિધ ઉપાંગોમાં માત્ર ડોકી અને ભ્રમરનુંજ વર્તુળાકારે હલનચલન શક્ય છે, પોપચાંનું નહિં. રેચિત ભ્રૂ તથા ભ્રમણ તારામાં વર્તુળાકારે હલનચલન થાય છે.

અન્ય પ્રકારે વર્ગીકરણ

નેત્રનાં તમામ ઉપાંગોની, અન્ય અંગોની સ્વાભાવિક કે તણાવયુક્ત સ્થિતિ પ્રમાણે થતો સંકોચન, વિસ્તરણ ક્રિયાઓના આધારે પણ તેમનું વર્ગીકરણ કરી શકાય. જેમ કે કુંચિત પુટ, કુંચિત ભ્રૂ તેમજ ભ્રૂકુટી ભ્રૂ સંકોચન સૂચવે છે જ્યારે પ્રસ્તુત પુટ સમુદવૃત્ત તારા તથા ચતુર ભ્રૂ વિસ્તાર સૂચવે છે. આ બધામાં અન્ય અંગોની તણાવયુક્ત tense સ્થિતિ રહે છે જ્યારે સમ પુટ, સહજ ભ્રૂ, પ્રાકૃત તારા તથા સમ દૃષ્ટિમાં અંગો તણાવમુક્ત અને સહજ relaxed સ્થિતિમાં રહે છે.

પુટકર્મનો નેત્રનાં અન્ય ઉપાંગો સાથે સંબંધ

નેત્રના ઉપાંગો-ભ્રૂકુટી, તારા તથા દર્શનમાં પોપચાંની વિવિધ ગતિ અથવા

સ્થિતિ રહેલી હોવાથી આ બધા ઉપાંગોના હલનચલન સાથે પુટકર્મ અનિવાર્યપણે સંકળાયેલા છે. જેમ કે ઉત્ક્ષેપ ભ્રૂ, સમુદ્વૃત્ત તારા તથા ઉલ્લોકિત દર્શનમાં પોપચાં 'ઉન્મેષ' રહે છે. પાતન ભ્રૂ, અવલોકિત દર્શનમાં પોપચાં 'નિમેષ' રહે છે. ચતુર ભ્રૂ, વિવર્તન તારા તથા સાચી દર્શનમાં પોપચા 'પ્રસૃત' રહે છે. રેચિત અને કુંચિત ભ્રૂ, ભ્રમણ તારામાં પોપચાં 'કુંચિત' રહે છે. સહજ ભ્રૂ, પ્રાકૃત તથા પાતન તારા અને સમ દર્શનમાં પોપચાં 'સમ' રહે છે. ઉત્ક્ષેપ ભ્રૂ, વિવર્તન તારામાં પોપચાં 'વિવર્તિત' રહે છે. ભ્રૂકુટિ ભ્રૂમાં પોપચાં 'વિતાડિત' રહે છે.

'નાટ્યશાસ્ત્ર' પછીનાં ગ્રંથોમાં નેત્રનાં તમામ અંગોના કર્મો નિરુપાયેલાં નથી. 'અભિનયદર્પણ'માં પુટકર્મ કે ભ્રૂકુટી કર્મો વર્ણવવામાં આવ્યા નથી. The Mirror of Gestures માં કેવળ ભ્રૂકુટીકર્મો આપવામાં આવ્યા છે, પુટકર્મો નહિ. સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાયમાં ભ્રૂ, પુટ, તારા કર્મો નિરુપાયાં છે જે ભરતાનુસારી છે, તેમાં નવાં કર્મો ઉમેરાયેલા નથી.

ભરતમુનિએ 'નેત્રાભિનય' અંતર્ગત નેત્રના તમામ ઉપાંગોમાં શારીરિક રીતે શક્ય એટલાં તમામ હલનચલન તથા તેમના વિનિયોગ નિરુપ્યાં છે કારણ કે તેમની દૃષ્ટિએ નયનની ભાષા અને ભાવ ભંગિમામાં 'નાટ્ય' પ્રતિષ્ઠિત છે.

ષટ્ત્રિંશત્ દૃષ્ટયોહ્યેતા: તાસુનાટ્યં પ્રતિષ્ઠિતમ્ ।

અધ્યાય-૮ શ્લોક ૫૫ (ગા.ઓ.સી.)

આંગિક અભિનય અંગોની ભાષા છે. આ ભાષાની મુખરતા નયન દ્વારા સક્ષમ રીતે પ્રગટ થાય છે. અને એટલેજ ભરતમુનિએ નેત્રાભિનયની આટલી વ્યાપકપણે વિસ્તૃત ચર્ચા કરી છે. દૃષ્ટિની પ્રત્યેક ભાવભંગિમાં દ્વારા મનુષ્યના સુખદુ:ખાત્મક જીવનનું ભાવવિશ્વ પ્રગટ થાય છે. તેમાં મનુષ્યના આંતરિક જગતને વ્યક્ત કરવાની અપાર ક્ષમતા છે. દૃષ્ટિ એ મનુષ્યના આત્મદર્શનનું દર્પણ છે. ભરતમુનિની મહત્તા એ બાબતમાં છે કે એમણે લોક-જીવન, તેની પરંપરા, સુખ: દુખ વિગેરે અવસ્થામાં અંગ ઉપાંગોની જે સ્વાભાવિક ક્રિયા પ્રતિક્રિયા

થાય છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરી તેને શાસ્ત્રબધ્ધ કર્યું છે. તારાકર્મના ભેદ અને લક્ષણો તથા વિનિયોગ નિરુપતી વેળા ભરતમુનિ જણાવે છે કે,

સ્વભાવ સિધ્ધમેવૈતત્ કર્મ લોકક્રિયાશ્રયમ્ ।
એવં રસેષુ ભાવેષુ તારાકર્માણિ યોજયેત્ ॥

(અધ્યાય-૮ શ્લોક ૧૦૮)

અર્થાત કીકીઓના સ્વાભાવિક તથા લોકક્રિયાઓ ઉપર આશ્રિત રહેનારા કાર્યો પણ છે તેને રસ તથા ભાવના નિરુપણમાં પ્રયોજવા જોઇએ. ભરતમુનિએ નેત્રના વિવિધ ઉપાંગોના જે લક્ષણ નિરુપ્યાં છે તે લોકાનુવર્તી છે. ક્રોધમાં ભવાં ચઢી જાય છે, કીકીઓ ચકળવકળ થાય છે, પાંપણો વિસ્ફારિત થાય છે જ્યારે શોકમાં પોપચાં ઢળે છે, અશ્રુ ઉભરે છે, કીકીઓ શિથિલ બની જાય છે અને નાકના ટેરવે મંડાય છે. શૂન્યતા તથા ઉદાસીનતાના ભાવોમાં દૃષ્ટિ 'ખોવાયેલી' રહે છે. એટલે ભરતનિરુપિત નેત્રાભિનય શાસ્ત્રીય પણ છે અને સ્વાભાવિક પણ. તેનો નાટ્યધર્મી તથા લોકધર્મી બંને પ્રકારની શૈલીઓમાં વિનિયોગ શકય છે.

મનુષ્યના નેત્ર સિવાયના અન્ય મુખ-ઉપાંગોમાં નાસિકા, કપોલ, અધર અને ચિબુક તેના ભાવજગતને પ્રગટ કરી આપવામાં મહત્વનો ફાળો આપે છે. મનુષ્યના હૃદયમાં ઉઠતા ભાવતરંગો આ ઉપાંગો દ્વારા દૃષ્ટિગમ્ય બને છે અને તેથી ભરતમુનિએ નેત્રનાં વિવિધ ઉપાંગોના વિવરણ પછી નાસિકા, કપોલ, અધર, ચિબુક તથા ગ્રીવાનાં વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ અંગે તલસ્પર્શી ચર્ચા કરી છે.

નાસાકર્મ :

નાસાકર્મમાં નસકોરાંની વિવિધ સ્થિતિઓ વર્ણવવામાં આવી છે. તેના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યાં છે.

(અધ્યાય-૮ શ્લોક ૧૨૮ થી ૧૩૩)

| | | | |
|---|---|---|---|
| (૧) | નતા | નસકોરાં વારંવાર ચપટાં થતાં હોય તે. | સ્ત્રી જનને (નાયિકા) મનાવવામાં, શ્વાસ લેવામાં, કાંપતી વેળા (પાઠાન્તર :- રડવું બંધ થયા પછી અથવા તો રડવાની ક્રિયા મંદ પડયા પછી, ડૂસકાં ભરતી વેળા ) |
| (૨) | મન્દા | નસકોરાં સ્થિર હોય તે | નિર્વેદ, ઔત્સુકય, ચિન્તા, શોક |
| (૩) | વિકૃષ્ટા | નસકોરાં ફુલેલાં હોય તે | તીવ્ર ગંધ, શ્વાસ, રોષ, ભય |
| (૪) | સોચ્છ્વાસા | શ્વાસ ખેંચાયેલો હોય તેવા નસકોરાં | મીઠી સુગન્ધ, દીર્ઘ શ્વાસ, નિઃશ્વાસ |
| (૫) | વિકૂણિતા | સંકોચાયેલાં નસકોરાં | જુગુપ્સા, અસૂયા (પાઠા-હાસ્ય, નિંદા, પીડા) |
| (૬) | સ્વાભાવિકા | સહજ સ્વાભાવિક સ્થિતિમાં રહેલાં નસકોરાં | અન્ય ભાવોમાં |

નાસાકર્મમાં ભરતમુનિ, નાસિકાના સ્નાયુગત હલનચલનના આધારે તેના વિવિધ ભેદ તથા વિનિયોગ સૂચવે છે. રડવું, ડૂસકાં, ભરવાં, શ્વાસ લેવો જેવી શારીરિક ક્રિયાઓમાં, નિર્વેદ, ઔત્સુકય, ચિન્તા, રોષ, અસૂયા જેવા સંચારી ભાવોમાં તથા શોક, રતિ, ભય, જુગુપ્સા જેવા સ્થાયી ભાવોમાં તેમજ અન્ય અવસ્થાઓમાં નાસિકાની સ્થિતિ કેવી રહે છે તેની ચર્ચા કરવામાં આવી છે. નાસિકાના છ જેટલાં સ્નાયુગત હલનચલન ભરતમુનિએ નિરૂપ્યાં છે. નસકોરાં સ્થિર રહેવાં, ફૂલવાં, ચપટાં થવાં, સંકોચાવાં, જેવી સ્વાભાવિક ક્રિયાઓના આધારે ભરતમુનિએ તેના વિવિધ ભેદ નિરૂપ્યા છે. રડવાની ક્રિયામાં નસકોરાં ચપટાં થાય, ગુસ્સામાં નસકોરાં ફૂલે, કશાકની ચિતરી ચઢે તો તેમાં નસકોરાં ચપટાં થાય - આ બધી સ્વભાવસિદ્ધ અને લોક પ્રચલિત ક્રિયાઓ છે જેને ભરતમુનિએ શાસ્ત્રીય સ્વરૂપ આપ્યું છે.

'અભિનયદર્પણ'માં નાસાકર્મ નિરુપાયાં નથી. 'સંગીતરત્નાકર'માં નાસાકર્મ નિરુપાયેલા છે તે ભરતાનુસારી છે. 'નૃત્યાધ્યાય'માં પણ નાસાભિનય નિરુપવામાં આવ્યા છે જે ભરતમુનિ નિરુપિત ભેદ લક્ષણોનું પુનઃકથન છે. 'નાટ્યશાસ્ત્રસંગ્રહ' તથા 'બલરામભરત'માં પણ નાસિકાના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ દર્શાવવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે.

'નાસાકર્મ'માં નિરુપણ પછી ભરતમુનિ 'ગણ્ડ' અર્થાત કપોલના કર્મો નિરુપે છે.

કપોલકર્મ

કપોલકર્મ એટલે ગાલની વિવિધ દશાઓ. તેના વિવિધ ભેદ, લક્ષણો તથા વિનિયોગ ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યા છે. (અધ્યાય ૮ શ્લોક ૧૩૪ થી ૧૩૮)

| | | | |
|---|---|---|---|
| (૧) | ક્ષામ | અવનત-બેસી ગયેલા, નીચે ખેંચાયેલા ગાલ | દુઃખ |
| (૨) | ફુલ્લ | વિકસિત-પહોળા, ભરેલા, ફુલેલા ગાલ | હર્ષ-વિશેષ આનંદ |
| (૩) | પૂર્ણ | ઉન્નત-ઉંચા ચડાવેલા ગાલ | ઉત્સાહ, ગર્વ. |
| (૪) | કંપિત | કંપિત-ધ્રુજતા ગાલ | રોષ, હર્ષ |
| (૫) | કુંચિત | સંકોચાયેલા ગાલ | રોમાંચ, સ્પર્શ, શીત, ભય, જ્વર |
| (૬) | સમ | સ્થિર ગાલ | અન્ય ભાવોમાં |

ભરતમુનિએ ઉપરોક્ત ભેદ, લક્ષણ, વિનિયોગની ચર્ચા 'ગણ્ડ કર્મો'ના સંદર્ભમાં કરી છે. સંસ્કૃત ભાષામાં 'ગણ્ડ' શબ્દના વિવિધ અર્થો છે. (૧) લમણો (૨) ગાલ (૩) ગાલ અને લમણા સહિત ચહેરાની એક બાજુ. હાથીના લમણાના ભાગને 'ગણ્ડસ્થલ' કહેવામાં આવે છે પરંતુ ભરતમુનિએ નિરુપેલા લક્ષણો તથા વિનિયોગ જોતાં તેમણે 'ગણ્ડ'

શબ્દનો પ્રયોગ 'કપોલ' એટલે કે 'ગાલ'ના અર્થમાં કર્યો છે. શ્રી મનમોહન ઘોષે 'ગણ્ડ'ના અંગ્રેજી પર્યાય તરીકે 'Cheeks' શબ્દનો પ્રયોગ કર્યો છે. શ્રી બાબુલાલ શુકલ શાસ્ત્રીએ 'ગણ્ડ' ના હિન્દી પર્યાય તરીકે કપોલ શબ્દ પ્રયોજ્યો છે એટલે અહીં 'ગણ્ડ' નો અર્થ 'ગાલ' સ્વીકારવામાં આવ્યો છે.

ભરતમુનિએ ગાલના વિવિધ સ્નાયુગત હલનચલનના આધારે તેના વિવિધ ભેદ નિરુપ્યા છે. ગાલ બેસી જવા, ગાલ ફુલવા, ગાલ ધ્રુજવા, ગાલ સંકોચાવા જેવી સ્વભાવસિધ્ધ અને લોક પ્રચલિત ક્રિયાઓને શાસ્ત્રીય સ્વરુપ આપવામાં આવ્યું છે. આ બધી ક્રિયાઓ અનુકરણાત્મક છે, સંકેતાત્મક નહિ. દુ:ખમાં ગાલ બેસી જવા, ભયમાં સંકોચાવા, હર્ષમાં ફુલવા એ સર્વ સામાન્ય છે. ભરતમુનિએ 'ગણ્ડ'નો વિનિયોગ શોક, ઉત્સાહ, ક્રોધ, ભય જેવા સ્થાયી ભાવોના સંદર્ભમાં અને ગર્વ, હર્ષ, જવર, જેવા સંચારી ભાવોના સંદર્ભમાં તેમજ રોમાંચ જેવા સાત્વિક ભાવોના સંદર્ભમાં સૂચવ્યો છે.

અભિનયદર્પણમાં ગણ્ડકર્મો નિરુપાયેલા નથી. સંગીતરત્નાકર, નાટ્યશાસ્ત્રસંગ્રહમાં 'કપોલ ભેદ' નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. 'નૃત્યાધ્યાય'માં પણ 'કપોલભેદ' વર્ણવવામાં આવ્યા છે જે ભરતનિરુપિત લક્ષણોનું પુન:કથન માત્ર છે.

ગણ્ડના વિવિધ કર્મો નિરુપ્યા પછી ભરતમુનિ 'અધર'ના કર્મો નિરુપે છે. ઉપલા હોઠના પ્રમાણમાં નીચલા હોઠનો વધારે ઉપયોગ થતો હોવાથી, નીચલો હોઠ વધારે ક્રિયાશીલ રહેતો હોવાથી 'અધર'ના કર્મો તત્વત: નીચલા હોઠના ભેદ અને લક્ષણો નિરુપે છે. લગભગ બધાજ ગ્રંથોમાં 'અધર'નો અર્થ નીચલો હોઠ લેવામાં આવ્યો છે. સંસ્કૃત ભાષામાં પણ 'અધર' શબ્દ 'નીચલા હોઠ'ના અર્થમાં પ્રયોજાય છે. 'અધરોષ્ઠ' શબ્દ 'નીચલો હોઠ' નો અર્થસંકેત કરે છે.

<u>અધરોષ્ઠ કર્મ :</u>

અધરોષ્ઠ કર્મ એટલે નીચલા હોઠની વિવિધ ક્રિયાઓ - તેના વિવિધ ભેદ, લક્ષણ, તથા વિનિયોગ ભરતમુનિએ આ પ્રમાણે નિરુપ્યા છે.

(અધ્યાય-૮ શ્લોક ૧૩૯ થી ૧૪૪)

| | | | |
|---|---|---|---|
| (૧) | <u>વિવર્તન</u> | નીચલા હોઠનું ફરકવું | ઇર્ષ્યા, વેદના, અવગણના, આળસ (પાઠા. હાસ્ય) લજ્જા. |
| (૨) | <u>કમ્પન</u> | નીચલા હોઠનું ધ્રુજવું | વેદના, શીત, ભય, ક્રોધ, વેગ |
| (૩) | <u>વિસર્ગ</u> | નીચલો હોઠ બહાર કાઢવો | સ્ત્રી વિલાસ, બિબ્બોક રંજન |
| (૪) | <u>વિનિગુહન</u> | નીચલો હોઠ અંદર લઇ જવો. | શ્રમ તથા આયાસ |
| (૫) | <u>સન્દષ્ટક</u> | નીચલા હોઠને દાંત વડે દબાવવો. | ક્રોધ વિગેરેમાં |
| (૬) | <u>સમુદ્ગક</u> | નીચલો હોઠ બહાર ઉપો કરવો. | અનુકમ્પા, અભિનન્દન, ચુમ્બન |

ભરતમુનિ અધર (નીચલો હોઠ) ના વિવિધ સ્નાયુગત હલનચલન પ્રમાણે તેના વિવિધ ભેદ નિરુપે છે. રતિ, ભય, ક્રોધ જેવા સ્થાયી ભાવો, ઇર્ષ્યા, લજ્જા, શ્રમ, આયાસ, અનુકમ્પા જેવા સંચારી ભાવો બિબ્બોક વિગેરે નારીસહજ સત્વજ અલંકારો તથા ધ્રુજારી, ચુંબન આલિંગન જેવી ક્રિયાઓના સંદર્ભમાં અધરના વિવિધ વિનિયોગ નિરુપ્યા છે.

ભયમાં હોઠ ધ્રુજે, ક્રોધમાં હોઠ દાંતથી દબાવવામાં આવે વિગેરે સ્વાભાવિક અને લોકાનુસાર ક્રિયાઓનેજ ભરતમુનિએ શાસ્ત્રીય સ્વરુપ આપ્યું છે.

<u>અભિનયદર્પણમાં</u> અધરકર્મો નિરુપાયા નથી. <u>સંગીતરત્નાકર</u> અને તેને અનુસરી 'નૃત્યાધ્યાય'માં અધરના ભરતનિરુપિત છ કર્મો ઉપરાંત અન્ય ચાર વધારાના કર્મો પણ નિરુપવામાં આવ્યા છે. (૧) ઉદ્‌વૃત્ત (૨) વિકાસી (૩) આયત (૪) રેચિત.

અધરના વિવિધ કર્મો નિરુપ્યા પછી ભરતમુનિ, ચિબુક (દાઢી)નાં વિવિધ કર્મો 'દન્તક્રિયા'ને અનુસરતા હોવાથી તેઓ વિવિધ દન્તકર્મો નિરુપે છે.

<u>દન્તકર્મ :</u>

દન્તકર્મ એટલે દાંતના વિવિધ કર્મો. તેના ભેદ, લક્ષણ, વિનિયોગ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. (અધ્યાય-૮ શ્લોક ૧૪૫ થી ૧૫૦)

| | | | |
|---|---|---|---|
| (૧) | <u>કુટ્ટન</u> | દંતસંઘર્ષ-દાંત કચકચાવવા | ભય, શીત, વ્યાધિ, જ્વરની પીડામાં. |
| (૨) | <u>ખંડન</u> | દાંતનો સંસ્ફોટ કરવો, દાંત ભચડવા, દાંત વડે વારંવાર ચાવવું | જપ, અધ્યયન, સંલાપ, દાંત વડે ભક્ષણ-ખાવું, કાપવું. |
| (૩) | <u>છિન્ન</u> | દાંત પીસવા, દાંત જોરથી દબાવવા, દાંતનો ગાઢ સંશ્લેષ. | રુદન અવસ્થામાં તથા મરણ અવસ્થામાં. |
| (૪) | <u>ચુક્કિત</u> | બગાસુ ખાતા હોઈએ તેમ દાંત પહોળા કરવા. | બગાસું ખાવામાં, ઘોષ કરવામાં, ચુંબન લેવામાં. |
| (૫) | <u>લેહિત</u> | જીભથી દાંત ચાટવા | ચાટવામાં. |
| (૬) | <u>સમ</u> | દાંત થોડા મિલાવવા ઉપલા અને નીચલા દાંતને, તેમની વચ્ચે સ્વાભાવિક અંતર રહે તે રીતે જોડાયેલા રાખવા. | સ્વાભાવિક ચેષ્ટામાં |
| (૭) | <u>સન્દષ્ટ</u> | દાંત વડે હોઠ દબાવવા | ક્રોધના કાર્યોમાં |

ભરતમુનિએ, દાંત વડે થતી વિવિધ સ્વાભાવિક અને લોકાનુસારી ક્રિયાઓને શાસ્ત્રીય રુપ આપી દંતકર્મના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ નિરુપ્યા છે. ભય તથા વ્યાધિ જેવા ભાવોને બાદ કરતાં દાંતના વિવિધ કર્મો - ખાવું, પીવું, રડવું, બોલવું, ચુંબન કરવું, ચાટવું, બગાસુ ખાવું, જપ કરવા વિગેરે ક્રિયાઓના સંદર્ભમાં દર્શાવવામાં આવ્યા છે.

અભિનયદર્પણમાં દંતકર્મ નિરુપવામાં આવ્યા નથી. 'સંગીતરત્નાકર'માં 'ચિબુકકર્મ'ના ભાગ રુપે નહિ પણ સ્વતંત્ર ઉપાંગ રુપે આઠ દન્તકર્મ વર્ણવવામાં આવ્યા છે. જેમાં લેહિન સિવાયના ભરતનિરુપિત દન્તકર્મો ઉપરાંત 'ગ્રહણ' તથા 'નિષ્કર્ષણ' એવા બે વધારાના દન્તકર્મો નિરુપવામાં આવ્યા છે. નૃત્યાધ્યાયમાં પણ આઠ દન્તકર્મો જણાવવામાં આવ્યા છે જે 'સંગીતરત્નાકર' અનુસાર છે.

ચિબુક કર્મ :

ચિબુક કર્મ એટલે દાઢીના સર્વ કર્મો તે દાંતની સાથે જોડાએલા હોવાથી દંતક્રિયાનેજ અનુસરે છે. ભરતમુનિના કથન અનુસાર ચિબુક કર્મમાં દંત, ઓષ્ઠ તથા જિહવા એ ત્રણેય ઉપાંગોના કર્માનો સમાવેશ થાય છે - **દન્તોષ્ઠજિહ્વાનાં કર્મે ચિબુક ક્રિયા....** (અધ્યાય-૮ શ્લોક ૧૫૦) ભરતમુનિએ 'ચિબુક'ના સ્વતંત્ર કર્મો નિરુપ્યા નથી તેમજ 'ચિબુક'ની ક્રિયા જેની સાથે સંકળાયેલી છે તેવા અન્ય ઉપાંગ 'જિહવા'ના કર્મો પણ જણાવ્યા નથી. નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં દાંત, જિહવા, તથા ઓષ્ઠના કર્મથી સ્વતંત્રપણે ચિબુક કર્મો નિરુપવામાં આવ્યા છે. 'સંગીતરત્નાકર'માં તથા નૃત્યાધ્યાય, નાટ્યશાસ્ત્ર સંગ્રહમાં જિહવા કર્મો વર્ણવવામાં આવ્યા છે. જિહવાના વિવિધ કર્મો તે (૧) ઋજવી (૨) સૃક્કાનુગા (૩) વક્રા (૪) ઉન્નતા (૫) લોલા અને (૬) લેહિની 'ચિબુક'ના વિવિધ કર્મો તે (૧) વ્યાદાર્ણ (૨) શ્લિષ્ટ (૩) વક્ર (૪) સંહત (૫) ચલસંહત (૬) સ્ફુરિત (૭) ચલિત (૮)લોલ. આમ નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં ચિબુકના કર્મો દન્ત, ઓષ્ઠ તથા જિહ્વાના કર્મોના પરિણામ રુપ નહિ પણ એક સ્વતંત્ર ઉપાંગના કર્મો તરીકે નિરુપાયેલા છે.

ચિબુક કર્મો દાંત, હોઠ તથા જીભના વિવિધ કર્મો સાથે સંકળાયા હોવાનું માત્ર વિધાન કરી, જીભ કે ચિબુકના સ્વતંત્ર કર્મોનું નિરુપણ કર્યા વિના ભરતમુનિ મુખજ અર્થાત ચહેરાના વિવિધ કર્મો વર્ણવે છે. અહીં ચહેરા પર પ્રગટ થતાં વિવિધ ભાવોના આધારે નહિં પરંતુ ચહેરાની વિવિધ સ્થિતિઓનાં આધારે તેના ભેદ, લક્ષણ તથા વિનિયોગ ભરતમુનિ દર્શાવે છે.

<u>મુખજ કર્મ :</u>

મુખજ કર્મ એટલે મુખનાં વિવિધ હલનચલન (મુખનો અર્થ અહીં મો : mouth : કરતાં ચહેરો : face : વધુ બંધબેસતો જણાય છે.) તેના ભેદ, લક્ષણ, વિનિયોગ આ પ્રમાણે છે. (અધ્યાય-૮ શ્લોક ૧૫૧ થી ૧૫૮ )

| | | | |
|---|---|---|---|
| (૧) | <u>વિનિવૃત્ત</u> | પૂર્ણપણે ઉઘડેલુ મુખ (વ્યાવૃત) | અસૂયા, ઇર્ષા, કોપ અવજ્ઞા આદિ સ્ત્રીભાવોમાં. |
| (૨) | <u>વિધુત</u> | ત્રાંસુ ઉઘડેલુ મુખ તિર્યગાયત) | નિવારણ -નિષેધકથન-ના પાડવામાં |
| (૩) | <u>નિર્ભુગ્ન</u> | નીચે ઢાળેલુ મુખ | ગંભીર અવલોકન કરતી વેળા |
| (૪) | <u>વ્યાભુગ્ન</u> | થોડું ઉઘડેલું મુખ | લજ્જિત વ્યક્તિ, નિર્વેદ ઔત્સુક્ય, ચિન્તા, મંત્રણા, ચલિજનોની સ્વાભાવિક મુદ્રા. |
| (૫) | <u>વિવર્ત</u> | ખુલ્લા હોઠવાળું મુખ | હાસ્ય, શોક, ભય. |
| (૬) | <u>ઉદ્દાહી</u> | ઉપર ઉચકેલું મુખ | સ્ત્રીઓની લીલા, ગર્વ, અનાદર, 'ચાલ્યા જાવ' એવા કથનમાં, ક્રોધપૂર્ણ વચનમાં. |

ભરતમુનિ સમ અને સાચી દર્શનભેદ અનુસાર મુખની યોજના કરવાનું વિધાન પણ કરે છે. (શ્લોક ૧૫૮) 'સમદર્શનભેદમાં મુખ 'વિનિવૃત્ત' સ્થિતિમાં અને' સાચી 'દર્શનભેદમાં મુખ

'વિધુત' સ્થિતિમાં રહે એવું ભરતમુનિને અભિપ્રેત હોવાનું જણાય છે.

'મુખજકર્મ' અંતર્ગત ભરતમુનિ મુખ એટલે કે ચહેરાના વિવિધ ભેદ, લક્ષણ અને વિનિયોગ નિરુપે છે. ચહેરાના સ્નાયુગત હલનચલનના આધારે નહિ પરંતુ ચહેરાની, આડી ધરી horizontal plane અને ઉભી ધરી Vertical plane ની સમાંતરે જે વિવિધ સ્થિતિ રહે છે તેના આધારે આ ભેદ નિરુપવામાં આવ્યા છે. સંપૂર્ણ રીતે નીચે ઢાળેલા મુખને આડી ધરી નો સમાંતરે ધીરે ધીરે ઉંચુ કરવામાં આવે તો તેની જે વિવિધ સ્થિતિ થાય, તદાનુસાર નિર્ભુગ્ન, વ્યાભુગ્ન અને વિનિવૃત્ત અને ઉદ્વાહી ભેદ પાડવામાં આવ્યા છે. નિર્ભુગ્નમાં મુખ નીચે ઢળેલું, જયારે વિનિવૃત્તમાં પૂર્ણપણે ઉઘડેલું અને વ્યાભુગ્નમાં બહુ ઢળેલુ નહિ અને બહું ઉઘડેલું નહિ એવી સ્થિતિમાં રહે છે. વિનિવૃત્ત સ્થિતિમાં રહેલું મુખ વધુ ઉપર લઇ જવાથી 'ઉદ્વાહી' મુખભેદ મળે છે. આમ આડી રેખાની સમાંતરે મુખની 'નિર્ભગ્ન'થી માંડી 'ઉદ્વાહી' સ્થિતિના આધારે ભરતમુનિ ૪ ભેદ પાડે છે. ઉભી રેખાની સરખામણીમાં ત્રાંસા ગોઠવેલા મુખને 'વિધુત' મુખ કહયું છે. ઉભી રેખાના સંદર્ભમાં માત્ર એકજ મુખભેદ નિરુપવામાં આવ્યો છે.'વિવર્ત' મુખભેદ હોઠની સ્થિતિને અનુલક્ષીને પાડવામાં આવેલો ભેદ છે. મુખના અન્ય ઉપાંગોની સ્થિતિના સંદર્ભમાં મુખના અન્ય ભેદ નિરુપવામાં આવ્યા નથી. આ વિવિધ મુખભેદોને અસૂયા, ઇર્ષ્યા, કોપ, લજ્જા, નિર્વેદ, ઔત્સુકય, ચિન્તા જેવા સંચારી ભાવો તથા હાસ્ય,શોક અને ભય જેવા સ્થાયી ભાવો સાથે તથા અન્ય સ્ત્રી સહજ ક્રિયાઓ સાથે સાંકળવામાં આવ્યા છે. મુખનો વિવિધ સ્થિતિ અને વિનિયોગ સ્વાભાવિક તથા લોકક્રિયાને અનુસરે છે.

'<u>અભિનયદર્પણ</u>'માં મુખભેદ નિરુપવામાં આવ્યા નથી.'<u>સંગીતરત્નાકર</u>'માં 'વદનભેદ' અંતર્ગત મુખભેદ વર્ણવવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. '<u>નૃત્યાધ્યાય</u>' માં પણ 'મુખ અભિનય' અંતર્ગત મુખભેદ દર્શાવવામાં આવ્યા છે જે ભરત કથિત મુખભેદોનું પુનરાવર્તન માત્ર છે,

**નાસા, ગણ્ડ, અધર, ચિબુક તથા મુખકર્મોનો પરસ્પર સંબંધ :**

નાસા, ગણ્ડ, અધર, ચિબુક તથા મુખકર્મો પરસ્પર સંકળાયેલા છે, જે નીચે જણાવેલી સારણી પરથી સ્પષ્ટ થશે.

| નાસા | ગણ્ડ | અધર | ચિબુક | મુખ |
|---|---|---|---|---|
| નતા | ક્ષામ | વિવર્તન | છિન્ન | નિર્ભુગ્ન |
| મન્દા | | સંદષ્ટક | કુટ્ટન<br>દષ્ટ | |
| વિકૃષ્ટા | ફુલ્લ | વિસર્ગ | | ભુગ્ન<br>વિનિવૃત્ત<br>ઉદ્વાહી |
| સોચ્છવાસા | પૂર્ણ | | ચુક્કિત | |
| વિકુણિતા | કુંચિત<br>કંપિત | સમુદગક<br>કંપન | ખણ્ડન | |
| સ્વાભાવિક | સમ | | સમ | વિવૃત |
| | | વિનિગૂહ | લેહિત | વિધૂત |

મુખની વિવિધ સ્થિતિના આધારે મુખના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગના નિરુપણ પછી ભરતમુનિ, વિવિધ રસના સંદર્ભમાં 'મુખરાગ'નું વર્ણન કરે છે.

**મુખરાગ :**

મુખરાગ એટલે ચહેરાનો રંગ - ચહેરાનો વર્ણ, તેના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

(અધ્યાય-૮ શ્લોક ૧૫૯ થી ૧૬૨)

| | | | |
|---|---|---|---|
| (૧) | સ્વાભાવિક | નૈસર્ગિક રંગયુક્ત ચહેરો | સ્વાભાવિક અભિનય તથા તટસ્થ ભાવોમાં. |
| (૨) | પ્રસન્ન | પ્રસન્ન ચહેરો | અદ્ભુત હાસ્ય શ્રૃંગાર |
| (૩) | રક્ત | લાલ રંગનો ચહેરો | વીર, રૌદ્ર, મદ |
| (૪) | શ્યામ | કાળો પડી ગયેલો ચહેરો | કરુણ, ભયાનક બીભત્સ |

મુખજ અભિનયમાં અને સમગ્ર આંગિક અભિનયના સંદર્ભમાં મુખરાગનું મહત્વ સમજાવતાં ભરતમુનિ જણાવે છે કે શાખા, અંગ, ઉપાંગનો અભિનય સારી રીતે કરવામાં આવ્યો હોય છતાં પણ જો તે મુખરાગથી રહિત હોય તો તેની શોભા રહેતી નથી. પરંતુ જયારે શારીર અભિનય અલ્પ માત્રામાં પ્રસ્તુત કરવામાં આવ્યો હોય પણ તે જો 'મુખરાગ'થી સભર હોય તો ચન્દ્રથી જેમ રાત્રિની શોભા વધે તેમ તેની શોભા દ્વિગુણિત થઇ જાય છે. નેત્રાભિનય જો મુખરાગથી સભર હોય તો તે અનેક ભાવ તથા રસ સ્પષ્ટરુપે અભિવ્યક્ત કરી શકે છે કારણ 'નાટ્ય'નો આધાર તેના પર છે. મુખ, ભ્રમણ, દૃષ્ટિ વિગેરે દરેક ઉપાંગની મુદ્રાને અનુસરે અને ભાવ અને રસની અભિવ્યક્તિને અનુરુપ રહે તે રીતે મુખરાગ પ્રયોજવો જોઇએ.

(શ્લોક ૧૬૩ થી ૧૬૭)

નયનાભિનયોઽપિ સ્યાત્ નાનાભાવ રસસ્ફુટ:
મુખરાગન્વિતો યસ્માત્ નાટયમત્ર પ્રતિષ્ઠિતમ્ ।
યથાનેત્રં પ્રસર્પેત્, મુખમ્, દૃષ્ટિ સંયુક્તમ્
તથા ભાવ-રસોપેતં મુખરાગ પ્રયોજયના ।

(અધ્યાય-૮ શ્લોક ૧૬૬, ૧૬૭)

ચહેરાના વર્ણમાં થતો આ ફેરફાર રક્ત-શ્યામ-વિગેરે બાહ્ય ઉપકરણોથી સાધવાનો હોતો નથી. આવો ફેરફાર રંગભુષાથી સુચવવાનો ભરતમુનિનો આશય નથી. નટ જે તે ભાવ અનુભવે તો આપો આપ ચહેરાનો રંગ બદલી શકાય. કીકી, પાંપણ, ભ્રમર, પોપચાં, નસકોરા,

હોઠ, દાંત, ગાલ વિગેરેના હલનચલન તો ચહેરાના પ્રત્યેક સ્નાયુ પર જો નટે કાબુ મેળવ્યો હોય તો તે ભાવને અનુભવ્યા વિના પણ આસાનીથી પ્રસ્તુત કરી શકે પણ ચહેરાનો રંગ તો પાત્ર સાથે તાદાત્મ્ય સાધ્યા વિના, ભાવ ઐકય સાધ્યા વિના સંભવી શકે નહિ. અભિનયમાં મુખરાગના મહત્વનો ભરતમુનિ જે રીતે સ્વીકાર કરે છે તે જોતાં તેઓ અભિનયમાં પાત્ર સાથેના તાદાત્મ્યનો મહિમા વિશેષ કરતાં હોય તેમ જણાય છે. મુખરાગને આંગિક અભિનય કરતાં સાત્વિક અભિનય કહેવો વધુ યોગ્ય ગણાય. ભરતમુનિએ રસ અને ભાવના સંદર્ભમાં મુખરાગના ભેદ-લક્ષણ નિરુપ્યા છે. રસાત્મક ચિત્તવૃત્તિના પ્રાકટ્યમાં મુખરાગના મહત્વનો વેમભૂપાલ, જયાયાનૂ, અશોક અને સોમેશ્વર વિગેરે આચાર્યોએ પણ સ્વીકાર કર્યો છે. વેમભૂપાલે ભરતમુનિએ દર્શાવેલા ચાર મુખરાગ ઉપરાંત (૧) વિકસ્વર (૨) અરુણ (૩) મલિન (૪) પાંડુ મુખરાગ પણ ગણાવ્યા છે. (ભરતકોષ પૃ. ૪૯૬)

<u>સંગીતરત્નાકર</u>, <u>નાટ્યશાસ્ત્ર સંગ્રહ</u> તથા <u>નૃત્યાધ્યાય</u> વિગેરે ગ્રંથોમાં 'મુખરાગ-ભેદ' નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. અભિનયદર્પણમાં 'મુખરાગ' નિરુપાયા નથી.

ભાવ અને રસ પ્રમાણે (ભાવરસાશ્રય:) મુખરાગની યોજના કરવી જોઈએ એમ જણાવી ભરતમુનિ વિવિધ ગ્રીવાકર્મ નિરુપે છે.

<u>ગ્રીવાકર્મ :</u>

ગ્રીવાકર્મ એટલે ગરદનનાં વિવિધ હલનચલન. તેના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. (અધ્યાય-૮ શ્લોક ૧૬૮ થી ૧૭૪)

| | | | |
|---|---|---|---|
| (૧) | <u>સમ</u> | સ્વાભાવિક દશામાં રહેલી ગરદન | ધ્યાન, જપ અને સ્વાભાવિક કર્મોમાં. |
| (૨) | <u>નતા</u> | ઢળેલા મસ્તકવાળી ગરદન<br>ઝુકેલી ગરદન | માળા, હાર વગેરે ગળાનાં ઘરેણાં પહેરવામાં -કોઈને ગળે વળગવામાં. |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉન્નતા | ઉંચી ગરદન | ઉંચી વસ્તુ જોવામાં |
| (૪) | ત્ર્યસ્રા | એક તરફ નમેલી ગરદન | ખભા પર ભાર ઉંચકવામાં દુઃખમાં |
| (૫) | રેચિતા | કંપિત અથવા ગોળ ફરતી ગરદન | શૃંગાર, વિલાસ, નૃત્ત મંથન (વલોવવામાં) |
| (૬) | કુંચિતા | દબાવેલી ગરદન, ગરદન ટૂંકી કરવી. | ભારગ્રહણ (માથા પર ભાર હોય તે વખતે) અને ગળાના રક્ષણમાં. |
| (૭) | અંચિતા | મસ્તક સહિત ગરદન પાછળ વાળવી-ઘૂમાવવી લંબાવેલી કે આગળ નાખેલી ડોક | ચોટલો ખેંચવામાં (ફાંસો ખાઇ મરવાના હેતુથી) ઉપરથી લટકવામાં ઉર્ધ્વદર્શન - ઉપર જોવામાં. |
| (૮) | વલિતા | એક તરફ ફેરવી લીધેલી ગરદન | ગરદન નમાવી જોવાના ભાવમાં |
| (૯) | વિવૃત્તા | ગરદન બરાબર સરખી રાખી સામે જોવું તે | ઉદ્દિષ્ટ સ્થાન તરફ પ્રસ્થાન - પોતાના સ્વસ્થાને જવાનું સૂચન કરવાનું. |

ભરતમુનિ ગ્રીવાકર્મના વિવરણના અંતે જણાવે છે કે સર્વ ગ્રીવાકર્મ અર્થાત ગરદનના બધાં હલનચલન મસ્તકની ક્રિયાને અનુસરે છે અને મસ્તકના સર્વ કર્મ ગ્રીવાના કર્મથીજ પ્રવૃત્ત થાય છે. કહેવાનું તાત્પર્ય એ કે મસ્તકના હલનચલન ગરદનના હલનચલનથીજ શકય બને છે અને ગરદનના હલનચલનમાં મસ્તકના હલનચલનનું અનુસરણ થાય છે. ગ્રીવાકર્મ અને શિરોભેદ પરસ્પર સંકળાયેલાં છે.

ગ્રીવાકર્મમાં ભરતમુનિ ગરદનની ઉપર નીચે, આજુબાજુ, ચારેબાજુ, ગતિ તથા લાંબી,

ટૂંકો, ઊંચો, નીચો વિગેરે સ્થિતિના આધારે ૯ કર્મો નિરુપે છે. એક માત્ર રેચિતા સિવાય બાકીના સઘળા ગ્રીવાકર્મો રસ અને ભાવની અપેક્ષા વિવિધ ક્રિયાઓ - ધ્યાન, જપ, માળાગ્રહણ, આલિંગન, પ્રસ્થાન-ના સંદર્ભમાં વિશેષ નિરુપાયેલા છે.

'અભિનયદર્પણ'માં ચાર ગ્રીવાકર્મો નિરુપવામાં આવ્યા છે. 'ગ્રીવા'ને 'પ્રત્યંગ' ગણી તેના ચાર કર્મો નન્દિકેશ્વરે આ પ્રમાણે બતાવ્યા છે. (૧) સુંદરી (૨) તિરશ્ચીના (૩) પરિવર્તિતા (૪) પ્રકમ્પિતા.

'સંગીતરત્નાકર' તથા 'નૃત્યાધ્યાય'માં ગ્રીવાના 'પ્રત્યંગ' અંતર્ગત ૯ કર્મો નિરુપવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે.


## મુખભેદનો શિરોભેદ તથા ગ્રીવાકર્મો સાથે સંબંધ

મુખ, શિર તથા ગ્રીવાના હલન ચલન પરસ્પર સંકળાયેલા છે. જેમ કે વિધુત મુખભેદમાં વિધુત શિરોભેદ રહે છે. વિનિવૃત મુખભેદમાં શિર પરાવૃત્ત તથા ગ્રીવા નિવૃત્ત અથવા વિવૃત રહે છે. નિર્ભુગ્ન મુખભેદમાં શિર અધોગત રહે છે. ભુગ્ન તથા વ્યાભુગ્ન મુખભેદમાં શિર અવધુત તથા ગ્રીવા નત રહે છે. ઉદ્વાહી મુખભેદમાં શિર ઉદ્વાહિત તથા ગ્રીવા ઉન્નત રહે છે.


આમ મુખજ અભિનય અંતર્ગત ભરતમુનિએ મુખના વિવિધ ઉપાંગો તથા શિર અને ગ્રીવાના સ્વાભાવિક તથા લોકસિધ્ધ સંચાલનોને શાસ્ત્રીય રુપ આપ્યું છે તેમ કહી શકાય.

ીવા ભેદ


ભિનયદર્પણ)




સુન્દરી



તિરશ્ચીના



પરિવર્તિતા



પ્રકમ્પિતા



પ્રકમ્પિતા